આજનો સુવિચાર
જીવનની પરિસ્થિતિનો સામનો કરવાની યોગ્યતાનું નામ શિક્ષણ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૬૦ જૂનાગઢ તા.૧૯-૦૬-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 160, Junagadh : Date : 19 Jun, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## મક્કામાં ભીષણ પર ડીગ્રી ગરમીથી હાહાકાર : ૫૭૭ હજ યાત્રીઓનાં મોત



રિયાધ તા.૧૯

સાઉદી અરેબિયાના મક્કામાં હજયાત્રાએ પહોંચેલા ૫૭૭ યાત્રીકોના મોત થયા છે. ૧૨ જૂનથી ૧૯ જૂન સુધી ચાલનારી હજ યાત્રા દરમિયાન અત્યાર સુધીમાં કુલ ૫૭૭ હજયાત્રીકોના મોત થયા છે. તેનું કારણ સાઉદી અરેબિયામાં પડી રહેલી ભીષણ ગરમી છે. મક્કામાં તાપમાન ૫૨ ડિગ્રી પર પહોંચી ગયું છે.

ધ ગાર્ડિયનના અહેવાલ મુજબ, મૃતકોમાં ૩૨૩ નાગરિકો ઈજિપ્તના છે, જ્યારે ૬૦ જોર્ડનિયન છે. આ સિવાય ઈરાન, ઈન્ડોનેશિયા અને સેનેગલના હજયાત્રીઓના પણ મોત થયા છે. બે આરબ ડિપ્લોમેટ્સે AFPને જણાવ્યું હતું કે મોટા ભાગના મૃત્યુ ગરમીના કારણે થયેલી બીમારીના કારણે થયા છે. સાઉદીમાં બે હજાર હજયાત્રીઓની સારવાર ચાલુ છે ઈજિપ્તના વિદેશ પ્રધાને જણાવ્યું હતું કે તેઓ સાઉદી સત્તાવાળાઓ સાથે મળીને ગુમ થયેલા લોકોને શોધવા માટે ઓપરેશન ચલાવી રહ્યા છે. સાઉદી અરેબિયાએ કહ્યું કે ગરમીના કારણે બીમાર પડેલા લગભગ બે હજાર હજયાત્રીઓની સારવાર કરવામાં આવી રહી છે.

૧૭ જૂને મક્કાની ગ્રાન્ડ મસ્જિદમાં તાપમાન ૫૨.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સાઉદી અરેબિયાના અધિકારીઓના જણાવ્યા અનુસાર મક્કામાં ક્લાઈમેટ ચેન્જની ભારે અસર થઈ રહી છે. અહીંનું સરેરાશ તાપમાન દર ૧૦ વર્ષે ૦.૪ ડિગ્રી સેલ્સિયસથી વધી રહ્યું છે.

## રાજયનાં પુરવઠા મંત્રી ભીખુસિંહ પરમારને બ્રેઈન સ્ટોક આવ્યો : હોસ્પીટલમાં દાખલ

અમદાવાદ તા. ૧૯

રાજ્ય કક્ષાના પુરવઠા મંત્રી ભીખુસિંહ પરમારની તબિયત લથડી છે. ૭૦ વર્ષીય ભીખુસિંહ ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને સવારે ચા-નાસ્તો કરી રહ્યા હતા ત્યારે એકાએક બ્લડ પ્રેશર વધી જતા તેઓને તાત્કાલિક યુએન મહેતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જ્યાં ભીખુસિંહને બ્રેનસ્ટ્રોક આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ભીખુસિંહ પરમારની સરપંચથી શરૂ થયેલી રાજકીય સફર રાજ્ય કક્ષાના મંત્રી સુધી પહોંચી છે. ભીખુસિહ પરમાર પાંચ વાર વિધાનસભાની ચૂંટણી લડ્યાં હતાં. વર્ષ ૧૯૯૫માં પ્રથમવાર મોડાસા સીટ પરથી ચૂંટણી લડ્યાં હતાં. ૨૦૦૨માં તેઓ અપક્ષ તરીકે વિધાનસભાની ચૂંટણી લડ્યાં હતાં. ૨૦૦૭માં બસપામાંથી મોડાસા સીટ પર ચૂંટણી લડ્યાં હતાં અને હાર થઈ હતી. ૨૦૧૭માં ભાજપમાંથી મોડાસા સીટ પરથી ચૂંટણી લડ્યાં પણ ૧૬૪૦ વોટથી હાર થઈ હતી. ૨૦૨૨માં ભાજપે ફરી ટિકિટ ફાળવી અને ભીખુસિંહ પરમાર મોડાસા બેઠક પર વિજેતા બન્યા હતા.

## કેનેડાનો ખાલીસ્તાની પ્રેમ ઉભરાયો : આતંકવાદી નિજ્જર માટે સંસદમાં બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું



ટોરેન્ટો, તા.૧૯:

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈટાલીના અપુલિયામાં જી-૭ સમિટમાં કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટૂડોને મળ્યા હતા. હરદીપ સિંહ નિજ્જરની હત્યાને લઈને કેનેડા દ્વારા ભારત પર લગાવવામાં આવેલા ગંભીર આરોપો બાદ તમામની નજર બંને નેતાઓની મુલાકાત પર ટકેલી હતી, પીએમ મોદીને મળ્યા બાદ ટૂડોએ સંબંધો સુધારવાની વાત કરી હતી, પરંતુ કેનેડાની સંસદમાંથી અલગ જ તસવીર સામે આવી છે.

ખાલિસ્તાન ટાઈગર ફોર્સ સંગઠન સાથે સંકળાયેલા આતંકવાદી હરદીપ સિંહ નિજ્જર માટે કેનેડાની સંસદમાં બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. હાઉસ ઓફ કોમન્સમાં, પ્રથમ સ્પીકર, ગ્રેગ ફર્ગ્યુસે નિજ્જર માટે શોક સંદેશ વાંચ્યો અને પછી તમામ સાંસદોને નિજ્જર માટે મૌન પાળવા કહ્યું.

બીજી તરફ કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટૂડોએ કહ્યું હતું કે ભારતની નવી સરકાર સાથે આર્થિક સંબંધો અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવાની આ એક તક છે. જી-૭માં વડાપ્રધાન મોદીને મળ્યા બાદ તેમણે આ વાત કહી.

## અમદાવાદમાં સ્કુલવાન ચાલકોની હડતાલ સમેટાઈ આરટીઓ સાથેની બેઠકમાં સુખદ સમાધાન

અમદાવાદ તા. ૧૯

આરટીઓનાં ચેકીંગને કારણે રાજયભરમાં સ્કુલવાન ચાલકો દ્વારા ગઈકાલથી અનિશ્ચિત મુદતની હડતાલ શરૂ કરવામાં આવી હતી જેને પગલે રાજયભરમાં વાલીઓમાં ભારે દેકારો મચી ગયો હતો અને વાલીઓને તમામ કામ પડતા મુકીને દિવસમાં બે થી ત્રણ વાર તેમના સંતાનોને લેવા-મુકવા જવાની ફરજ પડી હતી. સ્કુલવાન ચાલકોની હડતાલને કારણે જાણે સમગ્ર રાજયમાં નાગરીકોનું ટાઈમટેબલ વીખાઈ ગયું હતું તેથી તાત્કાલીક આ સમસ્યાનો ઉકેલ લાવવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા તે સંજોગોમાં આજે બપોરે અમદાવાદ આરટીઓ અને સ્કુલવાન ચાલકો વચ્ચે બેઠક યોજાઈ હતી આ બેઠકનું સુખદ પરીણામ આવતા અમદાવાદમાં સ્કુલવાન ચાલકોની હડતાલ સમેટાઈ ગઈ છે. આમ અમદાવાદ સ્કુલવાન ચાલકોની હડતાલનો અંત આવતા રાજયનાં અન્ય શહેરોમાં પણ તેનું અનુકરણ કરવામાં આવશે તેવું જાણવા મળેલ છે.

આરટીઓ અને ટ્રાફિક પોલીસની સ્કૂલવાન અને રિક્ષામાં ફિટનેસ સર્ટિફિકેટ, વાહન પાસિંગ, પરમિશન સહિતના મુદ્દે ડ્રાઈવ કરવાની જાહેરાતને લઈને સ્કૂલ વર્ધી એસોસિયેશન દ્વારા ગઈકાલથી અચોક્કસ મુદતની હડતાલની જાહેરાત કરવામાં આવી હતી. હડતાળ જાહેર થતાં અમદાવાદમાં તમામ સ્કૂલોમાં બાળકોને લેવા મૂકવા આવતી સ્કૂલવાન અને રિક્ષા બંધ થઈ હતી. જેથી વાલીઓએ પોતાનાં બાળકોને સ્કૂલે જાતે મૂકવા આવવા માટેની ફરજ પડી હતી.

એનસીઈઆરટીનાં વડા ડી.પી. સકલાનીનું નિવેદન

## "બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાની વાલીઓની ઘેલછા આત્મહત્યાથી ઓછી નથી"

નવી દિલ્હી તા. ૧૯

માતા-પિતાઓનું અંગ્રેજી માધ્યમની શાળાઓ પ્રત્યે આકર્ષણ વધી રહ્યું છે જો કે વાસ્તવમાં આવી શાળાઓમાં મોટા ભાગના શિક્ષકો તાલીમ મેળવેલા હોતા નથી. એનસીઈઆરટીના ડાયરેક્ટર ડી પી સકલાનીએ આ અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે દાવો કર્યો હતો કે આ આત્મહત્યાથી ઓછું નથી કારણકે હવે સરકારી શાળાઓ પણ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી રહી છે.

એક ઈન્ટરવ્યૂમાં નેશનલ કાઉન્સીલ ફોર એજયુકેશન રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ (એનસીઈઆરટી)ના વડાએ જણાવ્યું છે કે અંગ્રેજીમાં ગોખવાની પ્રથાને કારણે બાળકોના જ્ઞાનમાં ઘટાડો થયો છે અને તેઓ પોતાના મૂળ અને સંસ્કૃતિથી દૂર થતા જઈ રહ્યાં છે.

તેમણે જણાવ્યું હતું કે માતા પિતા અંગ્રેજી માધ્યમની શાળાઓને વધુ પસંદ કરી રહ્યાં છે. તેઓ પોતાના બાળકોને એવી શાળાઓમાં મોકલવાનું પસંદ કરી રહ્યાં છે જયાં ભલેને શિક્ષક ન હોય અને હોય તો પણ તાલીમ મેળવેલા ન હોય. આ બાબત આત્મહત્યાથી ઓછી નથી અને આ જ કારણ છે કે નવી શિક્ષણ નીતિમાં માતૃભાષામાં ભણાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

આરએસએસની સ્વદેશી જાગરણ મંચની બેઠકમાં કરાયેલા નિવેદનની ભારે ચર્ચા

## હવે ત્રણ - ચાર બાળકો પેદા કરવાથી જ દેશ વિકસીત બનશે : સંઘ કાર્યકર સતિષકુમાર

નવી દિલ્હી,તા. ૧૯: લોકસભા ચૂંટણીના પરિણામો બાદ RSSના નિવેદનોને લઈને ઘણી ચર્ચાઓ થઈ રહી છે. અગાઉ મોહન ભાગવત અને ઈન્દ્રેશ કુમારના નિવેદનોએ પણ વિપક્ષને ભાજપ અને વડાપ્રધાન મોદીને ઘેરવાનો મોકો મળ્યો હતો. તો હવે જયપુરથી સંઘના વરિષ્ઠ પ્રચારક અને સ્વદેશી જાગરણ મંચના સહ-આયોજક સતીશ કુમારે એવું નિવેદન આપ્યું છે જેની રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા થઈ રહી છે. સતીશ કુમારે સ્વદેશી જાગરણ મંચના વર્કશોપને સંબોધતા કહ્યું કે, હવે બે નહીં પરંતુ ૩-૪ બાળકોની જરૂર છે. ત્યારે જ દેશ વિકસિત થઈ શકે છે. ૨૦૪૭ના વિકસિત ભારતમાં યુવાનોની સંખ્યા વધારે હોવી જોઈએ વૃદ્ધોની નહીં. આપણે ૨૦૪૭માં ગતિશીલ વસ્તી સાથે જવાનું છે.

સતીશ કુમારે કહ્યું કે, પહેલા નાના પરિવારને સુખી પરિવાર કહેવામાં આવતું હતું, પરંતુ હવે આપણે મોટા પરિવારને સુખી પરિવાર કહીશુ. સતીશ કુમારે કહ્યું કે, હું આ વાત એમ જ નથી કહી રહ્યો. પરંતુ આર્થિક પ્રવૃત્તિઓ અને વસ્તીના રિપ્લેસમેન્ટ રેશિયોના આધારે કહી રહ્યો છું. હાલમાં આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ ૨.૧ છે, જયારે આપણું સ્ટાન્ડર્ડ ૧.૯ ટકા છે, જયારે કે ૨.૨ ટકા હોવું જોઈએ. હવે એવું હોવું જોઈએ. ચાર બાળકો હોવા જોઈએ. ભારતની અર્થવ્યવસ્થા અને પારિવારિક સ્થિરતા માટે આ જરૂરી છે. ત્રણ કે ચાર બાળકો હોય તો પણ એ મોટી વાત નથી, તેવા દષ્ટિકોણથી આગળ વધવું જોઈએ.

## વડાપ્રધાન મોદી શ્રીનગરમાં યોગ દિવસ મનાવશે

નવી દિલ્હી તા. ૧૯

વડાપ્રધાન મોદી આ વર્ષે યોગ દિવસના રોજ શ્રીનગરમાં થનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ દાલ લેક પાસે જ આવેલા શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કૉન્ફરન્સ સેન્ટરમાં આયોજિત કરાશે. આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે મંગળવારે આ અંગે જાણકારી આપી હતી.

જાધવે કહ્યું કે, આ વખતે યોગ દિવસની થીમ છે, 'યોગ સ્વંય અને સમાજ માટે.' જાધવે કહ્યું કે આ થીમનો અર્થ છે કે કઈ રીતે આપણે યોગથી પોતાની આંતરિક શક્તિ વધારી શકીએ છીએ અને સમાજનું કલ્યાણ પણ શક્ય છે.


તાત્કાલીક માણસો જોઈએ છે

ઈઝરાયેલ માટે : કારપેન્ટર, મેશન, ઈલેકટ્રીશયન, ટાઈલ્ઝ મેશન, પ્લમ્બર (PCC) જરૂરી છે.
માલ્ટા માટે : હોટલ માટે ડ્રાઈવર
દુબઈ : ઓફીસ બોય, સેસમેન, ફેકટ્રી હેલ્પર
કુવૈત : ડ્રાઈવર, સોપીંગ મોલ, મેશન, કારપેન્ટર, પ્લબ્મર, સ્ટી ફિકચર

પાસપોર્ટ અને PCC ધરાવતા લોકોએ કોન્ટેકટ કરવો / ઉંમર : ૨૨ થી ૪૫

: કોન્ટેક :
૯૩૨૮૧ ૭૨૧૮૦ / ૬૩૫૪૯ ૬૯૭૨૯

વિઝા ટીકીટ આવે ત્યારે પેમેન્ટ



લોન... લોન... લોન... લોન...

પર્સનલ લોન
(૧ લાખથી ૧ કરોડ સુધી)

સરકારી કર્મચારી, ડોકટર, શિક્ષક, પ્રાવેટ લીમીટેડ તથા લીમીટેડ કંપનીમાં કામ કરતા કર્મચારીઓ માટે

- જેમનો નેટ પગાર રૂા. ૩૫૦૦૦/-થી વધારે હોવો જોઈએ
- ૬ વર્ષ સુધીનાં સરળ માસિક હપ્તા
- ટોટલ અન સિકયોર લોન
- કોઈપણ સિકયોરીટી તથા જામીનની જરૂર નથી
- વાર્ષિક કપાત વ્યાજ દર
- જોબ સ્ટેબલીટી ઓછામાં ઓછી ૨ વર્ષ હોવી જરૂરી
- પગાર બેંકમાં જમા થતો હોવો જોઈએ
- જો કોઈ બેંકની લોન ચાલુ હશે તો તેને બંધ કરી વધુ લોન આપવામાં આવશે.

કોન્ટેકટ : ૯૯૭૮૯ ૭૯૨૬૧



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



કેન્સરના રોગોની ઓ.પી.ડી. રાજકોટ ખાતે!

zydus Hospitals
Cancer Hospital



ડૉ. નિધિ જૈન
MD, DM (હિમેટોલૉજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ ફિઝિશિયન)
લોહીના અને લોહીના કેન્સરના નિષ્ણાંત

ઉપલબ્ધ સારવારઃ ● લોહીનું કેન્સર ● જન્મજાત લોહીની બિમારી ● એપ્લાસ્ટીક એનેમીયા ● મલ્ટીપલ માયલોમા ● હીમોફીલીયા, લ્યુકેમીયા, સીકલ સેલ ડિસીઝ, થેલેસેમીયા વગેરે ● લોહીમાં વારંવાર ચેપ લાગવો ● બ્લીડીંગ ડિસઓર્ડર ● CART થેરાપી ઉપલબ્ધ ● 7 બેડ ધરાવતું ગુજરાતનું સૌથી વિશાળ BMT યુનિટ ● ઇન-હાઉસ સ્ટેમ સેલ હાર્વેસ્ટીંગની સુવિધા ● શરીરની સંપૂર્ણ ઇરેડિયેશનની સુવિધા (TBI)

20/06/2024 (ગુરૂવાર) | સાંજે 5.00 થી 6.00 કલાકે



ડૉ. રાજ પટેલ
MS, DNB (Urology)
Fellowship in Uro-Oncology & Robotic Surgery
મૂત્રમાર્ગને લગતી સાદી તથા કેન્સરની ગાંઠના નિષ્ણાંત
યુરોલોજીસ્ટ તથા રોબોટીક સર્જન

મૂત્રમાર્ગની ગાંઠ / કેન્સરના લક્ષણોઃ ● પેશાબમાં લોહી પડવું / લાલ પેશાબ ● પેશાબ થવામાં તકલીફ ● પેશાબની ધાર નબળી/ અટકીને આવવી ● પેટમાં/પેડુમાં/ કમરમાં દુઃખાવો ● કિડની / મૂત્રાશય / પ્રોસ્ટેટની ગાંઠ ● ગુપ્તાંગ પર ન રૂઝાતું ચાંદુ ● શુક્રપીંડનો દુખાવારહીત સોજો ● PSA વધારે આવવું

મોંઢા અને ગળાના રોબોટીક સર્જરીના નિષ્ણાંત



ડૉ. દિપેન પટેલ MS, M. Ch.
રોબોટીક હેડ એન્ડ નેક ઓન્કો સર્જન
- 4500થી વધુ સફળ વિવિધ કેન્સર શસ્ત્રક્રિયાના અનુભવી
- 20000થી વધુ સંતૃપ્ટ કેન્સર દર્દીઓની સારવાર

ઉપલબ્ધ સારવારઃ ● મોંઢા અને જડબાનું કેન્સર ● જીભનું કેન્સર ● ગળા અને સ્વરપેટીનું કેન્સર ● થાયરોઇડ અને પેરાથાયરોઇડની ગાંઠ ● સ્કારલેસ થાયરોઇડ સર્જરી ● રોબોટીક સર્જરી ● એન્ડોસ્કોપીક સ્કલબેઝ સર્જરી ● લાળગ્રંથીનું કેન્સર

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.

22-06-2024 (શનિવાર) | 10.30 થી 12.30 કલાકે

ઝાયડસ સુપર સ્પેશિયાલીટી ઓપીડી, 101, ટાઇમ્સ સ્કવેર-2, અયોધ્યા ચોક પાસે, 150 ફુટ રીંગ રોડ, રાજકોટ

રજીસ્ટ્રેશન માટે સંપર્કઃ
નીલય પંડ્યાઃ +91 9879562864
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.



Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



# જૂનાગઢમાં લગ્નની લાલચ આપી યુવતી પર દુષ્કર્મ આચર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ નજીકના ગામની ૨૬ વર્ષની યુવતીને નોકરીની જરૂર હોય તેણીએ અન્ય મારફત ૨ વર્ષ અગાઉ શહેરમાં ઝાંઝરડા રોડ ઉપર બાબા કોમ્પ્લેક્સમાં ત્રીજા માળે આવેલ સ્માર્ટ વેલ્યુ કોમ્પ્યુટરની ઓફિસ ધરાવતા બનાસકાંઠાનાં અલ્પેશ રાણાનાં સંપર્કમાં આવતા આ શખ્સે યુવતીને તેની ઓફિસમાં નોકરી રાખી હતી. બાદમાં પોતે પરિણીત હોવા છતાં પણ અલ્પેશે યુવતીને લગ્નની લાલચ આપી સંબંધ કેળવી ધાક ધમકી આપી ઓફિસમાં તેમજ ગોંડલની અલગ અલગ હોટલમાં તેમજ બનાસકાંઠા ખાતે લઈ જઈ તા.૧ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ દરમ્યાન અનેક વખત અલ્પેશ રાણાએ શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યુ હતું. તેમજ તેણે તથા તેની પત્ની મીનાક્ષી રાણાએ માર મારી જાનથી પતાવી દેવાની ધમકી આપી હતી. યુવતીની લગ્નની લાલચ આપી અલ્પેશ રાણાએ પોતાની ઓફિસ સહીતની જગ્યાએ દુષ્કર્મ આચર્યુ હોવાની રાવ પોલીસમાં થઈ છે. પરંતુ આરોપી શહેરમાં પોતાની ઝાંઝરડા રોડ ઉપર બાબા કોમ્પ્લેક્સમાં ત્રીજા માળે ખાતેની સ્માર્ટ વેલ્યુ કોમ્પ્યુટરની ઓફિસને તાળુ લગાવી ફરાર થઈ ગયો હોવાનું બહાર આવેલ છે.

**જુગારીઓ ઝડપાયા**

ચોરવાડ પોલીસે ગડુ ગામેથી જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને રૂપિયા ૧૦,૨૯૦ની રોકડ સાથે પકડી લીધા હતા. જયારે કેશોદ પોલીસે કેશોદ શહેરમાંજુગાર રમતા ૬ શખ્સોને રૂપિયા ૧૨,૩૦૦ સાથે જુગાર રમતા પકડી પાડી જુગારધારા અંતર્ગત ગુનો નોંધ્યો છે.


# ઉપરકોટમાં સાયકલ સવારી એટલે અકસ્માતની ગેરંટી ! અઠવાડીયામાં બીજી ઘટના બની : યુવતી ઈજાગ્રસ્ત



જૂનાગઢ તા. ૧૯

જૂનાગઢ શહેરમાં આવેલ પ્રખ્યાત ઉપરકોટનાં કિલ્લાનું રીનોવેશન બાદ પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર બની ગયેલ છે. અને દરરોજ મોટી સંખ્યામાં પર્યટકો ઉપરકોટની મુલાકાતે આવે છે. પરંતુ આ ઉપરકોટ હવે પ્રવાસીઓ માટે સલામત રહયો નથી. ઉપરકોટનું સંચાલન કરનાર કંપની સવાણી હેરીટેજ દ્વારા યાત્રીકોની સુખાકારી અને સલામતી માટે ભારે બેદરકારી રાખવામાં આવી રહી છે. ગઈકાલે બનેલી ઘટનામાં એક યુવતી ઉપરકોટમાં સાયકલીંગ ટ્રેક પર સાયકલ ચલાવી રહી હતી ત્યારે સાયકલની બ્રેક નહી લાગતા યુવતી ઈજાગ્રસ્ત થઈ ગઈ હતી. અને તત્કાલ તેને જૂનાગઢ સિવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી. યુવતીને કપાળ, નાક, ચહેરા પર ગંભીર ઈજા પહોંચી છે. ઉપરકોટ ખાતે એક સપ્તાહમાં આવી બીજી ઘટના બની છે. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ જૂનાગઢ નજીકનાં જાલણસર ગામેથી એક પરીવાર ઉપરકોટની મુલાકાતે આવેલ જેમાં આ પરીવારની યુવતી આરજુબેન મોહીતભાઈ સામદા સાયકલીંગ કરી રહી હતી ત્યારે સાયકલની બ્રેક નહી લાગતાં યુવતી પડી ગઈ હતી. અને તેના મ્હોં અને નાકના ભાગે ગંભીર ઈજાઓ થતાં તાત્કાલીક ૧૦૮માં તેને સિવીલ હોસ્પીલમાં ખસેડવામાં આવી હતી. જયાં આ યુવતીની સારવાર કરવામાં આવી હતી. ઉપરકોટમાં ગંભીર ઘટનાઓ બની રહી છે ત્યારે તેના માટે જવાબદાર કોણ ? તેવા સવાલો થઈ રહયા છે. આ બાબતે રાજય સરકારનાં જવાબદાર તંત્રએ તત્કાલ કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગણી થઈ રહી છે. ઉપરકોટમાં સાયકલીંગ માટે જે સાયકલોનો ઉપયોગ થાય છે તેની ફીટનેશ તત્કાલ ચેક કરવી જોઈએ જેથી આવા અકસ્માતોની ઘટના નિવારી શકાય.

# દ્વારકા કોરીડોર ડેવલોપમેન્ટની મંજુરીની સત્તાઓ નગર પાલિકા પાસેથી પરત ખેંચાતા જિલ્લા તંત્ર રચશે કમિટી



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૯

દ્વારકા કોરીડોરના ડેવલોપમેન્ટ માટેની યોજના માટે દ્વારકા પાલિકા પાસે બાંધકામ મંજુરી પરત ખેંચાતા હવે તે સંદર્ભે કમિટી રચાશે તેમ જાણવા મળે છે. દ્વારકા જિલ્લામાં દ્વારકા પાલિકા વિસ્તારમાં બાંધકામ મંજુરી દ્વારકા પાલિકા દ્વારા આપવામાં આવતી હતી પરંતુ દ્વારકા પાલિકા પાસેની ગત માર્ચ માસમાં જિલ્લા તંત્ર દ્વારા રાજ્ય સરકારના આદેશની આ મંજુરીના પાવર લઈ લેવાયા છે. દ્વારકા કોરીડોરના સંદર્ભમાં વિકાસનું આયોજન ચાલતું હોય પાલિકા મંજુરી બંધ કરાઈ છે જેથી વિકાસના આયોજનમાં પાલિકાની મંજુરી નડતરરૂપ ના બને પરંતુ ત્રણ માસથી બાંધકામ મંજુરી જ ના અપાતા મંજુરી લેવા વાળા ધકકા ખાવા લાગ્યા છે તો મંજુરી લઈને દ્વારકા વિકાસનો લાભ મેળવવા માંગતા પણ મુશ્કેલીમાં મુકાયા છે. દ્વારકા જિલ્લા કક્ષાએ ઉપરથી રાજ્ય સરકારના માર્ગદર્શનમાં ખાસ કમિટી બનાવીને દ્વારકા કોરીડોરના નકશા તથા આયોજનમાં નડતર ના થાય તે રીતે મંજુરી આપવામાં આવનાર છે. ઉલ્લેખનિય છે કે દ્વારકા નગરપાલિકા પાસે બાંધકામ મંજુરીની સત્તા હતી જયારે ખંભાળીયા વિસ્તારમાં ખંભાળીયા ન.પા. પાસે નવી 'ખાડા' પાસે મંજુરી માંગવી પડે છે. જે હજુ પણ પાલિકા પાસે નથી ! કમિટી આયોજન થયા પછી તંત્ર દ્વારા વ્યવસ્થિત રીતે મંજુરી આપવાનું કાર્ય શરૂ કરવામાં આવનાર છે જેનું આયોજન હાલ ચાલુ છે.

# જૂનાગઢ મદદનીશ શિક્ષણ નિરીક્ષકને થપ્પડ ઝીંકી મારી નાખવાની ધમકી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)


જૂનાગઢ તા.૧૯

જૂનાગઢના મધુરમમાં આવેલા સંકલ્પ પાર્ક વિસ્તારમાં રહેતા અને જીલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકે ફરજ બજાવતા આશિષભાઈ રમણીકલાલ મહિડાએ ચારેક દિવસ પહેલા તેના ઘરની સામે મો ઉપર કપડું બાંધેલું હતું. આથી તેને તમે કોણ છો એમ પુછયું હતું. જેના તેમજ કાર બહાર રાખતા હોવાના મનદુઃખના કારણે ચોબારીના જાવીદ હાલાએ મારી નાખવા ધમકી આપી થપ્પડ મારી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કર્યા હતા. આ અંગે ફરિયાદ થતા બી ડીવીઝન પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**દોલતપરામાં દેશી દારૂની કલબ ઝડપાઈ**

દોલતપરામાં ભાવેશ અમૃતભાઈ સાગઠીયા પોતાના મકાનમાં દેશી દારૂનું વેંચાણ કરી દારૂ પીવા આવતા ઈસમોને બેસાડી દેશી દારૂ પીવાની સગવડ કરી આપી દારૂ પીવાનું પીઠું ચલાવતો હોય પોલીસે દરોડો પાડીને ભાવેશને ૧૦ લીટર દેશી દારૂ સાથે ઝડપી લઈ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખંભાળિયા: જૂની પેઢીના સેવાભાવી તબીબ ડો. ચોક્સીના નિધન બદલ શોક વ્યક્ત કરતા રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણી





(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

ખંભાળિયા પંથકના છેલ્લી આશરે અડધી સદી કરતા પણ વધુ સમયથી સેવાભાવી તબીબ તરીકે કાર્યરત તથા પ્રથમ હરોળનું નામ અને સ્થાન ધરાવતા ડોકટર નવનીતભાઈ ચોકસી (ડો. એન.ડી. ચોક્સી) નું આજરોજ નિધન થતાં ખંભાળિયાના મૂળ વતની અને રાજ્યસભાના સાંસદ પરિમલભાઈ નથવાણીએ ઊંડો શોક વ્યક્ત કરી કર્યો હતો.

ખંભાળિયામાં તબીબી વ્યવસાયને સેવાનું માધ્યમ ગણાવી અને લોકસેવા અને દર્દીઓની સેવા માટે સમર્પિત બની રહેલા ડોક્ટર એન.ડી. ચોકસીએ તેમના સચોટ નિદાનની સૂઝ વડે દર્દીઓ સાથે સમગ્ર વિસ્તારની જનતાના હૃદયમાં મુઠ્ઠી ઊંચેરૂં સ્થાન મેળવ્યું હતું. ડોક્ટર એન.ડી. ચોક્સીના નિધનથી ખંભાળિયાના તબીબી આલમ સાથે તેમની સાથે સંકળાયેલી વિવિધ ધાર્મિક અને સેવાભાવી સંસ્થાઓને પણ કદી પૂરી ન શકાય તેવી ખોટ પડી હોવાનો પ્રતિભાવ વ્યક્ત કરી, શ્રી પરિમલભાઈ નથવાણીએ તેમને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

ડો. ચોકસી સાથે પારિવારિક નાતો ધરાવતા પરિમલભાઈ નથવાણીએ થોડા દિવસો પૂર્વે ડો. ચોકસીની નાદુરસ્ત તબિયત હોવાથી તેમની રૂબરૂ મુલાકાત પણ લીધી હતી.

# માંગરોળ નગરપાલીકાનાં આઉટ સોર્સીંગનાં કર્મીઓએ તાળાબંધી કરી



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૯

પડતર પ્રશ્નો અને માંગણીઓના મુદ્દે છેલ્લા પાંચેક દિવસથી હડતાળ ઉપર ઉતરેલા માંગરોળ નગરપાલિકાના આઉટ સોર્સિંગના સફાઈ કર્મીઓએ આજે કચેરીને તાળાબંધી કરી હતી. પરિણામે પોલીસને બોલાવવાની ફરજ પડી હતી. જો ચીફ ઓફીસરની ચેમ્બર પાસે રામધુન બોલાવી સફાઈ કામદારોએ હડતાળ યથાવત રાખી હતી. માંગરોળ નગર સેવા સદનમાં આઉટ સોર્સિંગ હેઠળ ફરજ બજાવતા સફાઈકર્મીઓ કોન્ટ્રાક્ટ એજન્સી નાબુદ કરી સીધી ભરતી કરવી, સરકારના આદેશ મુજબ પ્રતિ દિન રૂા.૫૨૪ લઘુતમ વેતન ચુકવવું, વર્ષોથી કોઈ પણ કારણ વગર છુટ્ટા કરેલા સફાઈ કામદારોને તાત્કાલિક નોકરી ઉપર લેવા તેમજ સફાઈ કામદારોના બાકી પગાર ચુકવવા સહિતની માંગણીઓને લઈ હડતાળ ઉપર બેઠા છે. અગાઉ આ પ્રશ્નોને લઈ વાલ્મીકિ સમાજના પ્રદેશ કક્ષાના હોદેદારોએ પાલિકાના ચીફ ઓફીસરની મુલાકાત લીધી હતી. પરંતુ તેનું કોઈ નિરાકરણ આવેલ નથી. દરમ્યાન આજે સફાઈકર્મીઓએ કચેરીને તાળાબંધી કરી રોષ ઠાલવ્યો હતો. જો કે પોલીસ દોડી આવતા મામલો થાળે પડ્યો હતો. જો કે માંગણીઓ નહીં સંતોષાય તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનની ચિમકી આપવામાં આવી છે.

# MSMEને ૪૫ દિવસમાં પેમેન્ટનો નિયમ રદ નહીં થાય? કેન્દ્રને 'પોઝીટીવ ફીડબેક' મળ્યા

નવી દિલ્હી,તા.૧૯

એમએસએમઈ- નાના એકમોને ૪૫ દિવસમાં પેમેન્ટ કરવાનુ ફરજીયાત બનાવતા લાગુ થયેલા નવા કાયદા સામે રાજકોટ-ગુજરાત સહિત દેશભરના ઉદ્યોગકારોમાં ભારે વિવાદ બાદ નિયમ પાછો ખેંચવાની બાંહેધરી આપવામાં આવી હતી. પરંતુ હવે કેન્દ્ર સરકારે એવુ જાહેર કર્યુ છે કે નાના ઉદ્યોગોએ નિયમને વધાવ્યો છે અને પોઝીટીવ ફીડબેક આપ્યા છે. આ સંજોગોમાં કાયદો રદ થવા વિશે શંકા વ્યક્ત થવા લાગી છે.

કેન્દ્ર સરકારના ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે એમએસએમઈ ક્ષેત્રને રાહત આપવા માટે તેની પાસેથી ખરીદી કરનારાઓને ૪૫ દિવસમાં પેમેન્ટ ફરજીયાત કરવાના કાયદા વિશે નાના ઉદ્યોગોએ હકારાત્મક પ્રતિક્રિયા આપી છે. આ નિયમને કારણે નાના એકમોને સમયસર પેમેન્ટ મળવા લાગ્યા છે અને નાણાકીય રોટેશન સરળ બન્યુ છે. કાર્યકારી મૂડી માટે ધિરાણ પર આધાર રાખવાનુ ઓછુ થયુ છે. લીકવીડીટી મોરચે પણ રાહત થઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એમએસએમઈને લગતા આયકર નિયમોમાં કરાયેલા આ બદલાવથી વેપાર ઉદ્યોગ જગતમાં જબરો દેકારો બોલી ગયો હતો. નવા નિયમ હેઠળ એમએસએમઈ એકમને ૪૫ દિવસમાં પેમેન્ટ નહીં કરનાર વેપારી કે ઉદ્યોગકારને હિસાબીવર્ષમાં આવક બાદ ન મળવાની અને આ રકમ પર ટેકસ ચુકવવાની જોગવાઈ કરવામાં આવી છે. ઉપરાંત પેનલ્ટીની પણ જોગવાઈ કરવામાં આવી હતી.

ગુજરાત સહિત દેશભરના વેપારઉદ્યોગોમાં વ્યાપાર વ્યવહારમાં પેમેન્ટના જુદા-જુદા ધારાધોરણો પ્રવર્તતા હોય છે. ટેકસટાઈલ્સ ક્ષેત્રમાં ચારથીછ મહિને પેમેન્ટનું ધોરણ હોય છે. આ જ રીતે કેમીકલ્સથી માંડીને જુદા-જુદા ક્ષેત્રોના અલગ ધારાધોરણો હોય છે. નવા નિયમ લાગુ થતા મોટી કંપનીઓએ એમએસએમઈ એકમો પાસેથી ખરીદી અટકાવીને નવા ઓર્ડર આપવાનુ બંધ કરી દીધાનો ઉહાપોહ થયો હતો.

ગુજરાત સહિતના રાજયોના વેપાર ઉદ્યોગકારો દ્વારા કેન્દ્ર સરકારમાં રજુઆત કરીને નિયમ પાછો ખેંચવા રજુઆત કરવામાં આવી હતી. કાયદાકીય ફેરફાર બજેટમાં જ શકય હોવાથી નવી સરકારના ગઠન સુધી રાહ જોવાની બાંહેધરી આપવામાં આવી હતી. હવે આવતા મહિને રજુ થનારા સામાન્ય બજેટમાં નિયમ હટવાનો આશાવાદ હતો તેવા સમયે કેન્દ્ર સરકારને નાના એકમો તરફથી પોઝીટીવ ફીડબેક મળ્યાનુ જાહેર કરાતા નિયમ રદ થવા વિશે શંકા વ્યક્ત થવા લાગી છે. આ સંજોગોમાં ફરી વખત ઉહાપોહ થવાની ભીતિ છે.

# અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ તરીકે જીતુભાઈ લાલની વરણીને ખંભાળિયાવાસીઓનો આવકાર




(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

જામનગરના રઘુવંશી અગ્રણી અને સેવાભાવી આગેવાન જીતેન્દ્રભાઈ લાલ (જીતુભાઈ લાલ) ની અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવતા આ વરણીને ખંભાળિયાના જ્ઞાતિ આગેવાનો, કાર્યકરો વિગેરે આવકારી છે.

છેલ્લા અનેક દાયકાઓથી વિવિધ પ્રકારે સમાજસેવા તેમજ જ્ઞાતિ સેવામાં પ્રથમ હરોળમાં રહેતા લાલ પરિવારના સેવાભાવી એવા જીતુભાઈ લાલને ગઈકાલે અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ તરીકેની મહત્વની જવાબદારી સોંપવામાં આવતા આ નિયુક્તિને સર્વત્ર આવકાર સાંપળ્યો છે. જીતુભાઈ લાલની અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ તરીકેની આ વરણી ને ખંભાળિયા લોહાણા મહાજનના કમલેશભાઈ વિઠલાણી, પરાગભાઈ બરછા, દિનેશભાઈ દતાણી, પ્રતાપભાઈ દતાણી સાથે શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના, પીઢ પત્રકાર રમણીકભાઈ રાડિયા, નગરપાલિકા પ્રમુખ રચનાબેન મોટાણી, કોર્પોરેટર જગુભાઈ રાયચુરા, જયેશભાઈ ગોકાણી, હિતેશભાઈ ગોકાણી, દીપેશભાઈ ગોકાણી અને મહેશભાઈ રાડિયા તેમજ ભરતભાઈ મોટાણી, નીતિનભાઈ ગણાત્રા, વિગેરેએ આવકારી અને શુભકામનાઓ પાઠવી હતી.

# શુક્રવારે સુર્યનો આર્દ્રા નક્ષત્રમાં પ્રવેશ




જેઠ સુદ ચૌદશને શુક્રવારે તા.૨૧-૬-૨૪ના રાત્રે ૧૨-૦૫ કલાકે સુર્ય આર્દ્રા નક્ષત્રમાં પ્રવેશ કરશે.

આપણા ગુજરાતમાં જયારે સુર્ય આર્દ્રા નક્ષત્રમાં પ્રવેશ કરે ત્યારથી ચોમાસાની શરૂઆત થાય છે.

તા.૨૦-૬-૨૪ને ગુરૂવારની રાત્રીએ સાયન સુર્ય કર્ક રાશીમાં પ્રવેશ કરશે અને વર્ષાઋતુ અને દક્ષિણાયનનો પ્રારંભ થશે. આમ વર્ષાઋતુનો પ્રારંભ પણ ખરીરીતે શુક્રવારથી જ થશે.

ખાસ કરીને સુર્ય જે સમયે આર્દ્રા નક્ષત્રમાં પ્રવેશ કરે તે સમયના ગૌચરના ગ્રહો પ્રમાણે વરસાદનું ભવિષ્ય જોવાય છે.

સુર્યના આર્દ્રા નક્ષત્રના પ્રવેશ સમય કુંભ લગ્નમાં શની સ્વગ્રહી છે તથા પરાક્રમ ભુવનમાં મંગળ સ્વગૃહિ છે.

પાંચમાં સ્થાનમાં સુર્ય, બુધ, શુક્રની યુતિ એકન્દરે સારી છે અને આ સમયે પુનમ તિથી છે. ચંદ્ર પણ શુભ છે બધા જ ગ્રહોની પરીસ્થીતી જોતા આ વર્ષે વરસાદ ખુબ સારો થાય. વાહન પણ મોરનું છે આથી પણ વરસાદ સારો થાય. ૧૪થી ૧૬ આની જેટલું વર્ષ સારૂ રહે.

# કલ્યાણપુરના ભોગાત ગામે ઘર કંકાશના કારણે પતિ દ્વારા પત્નીની હત્યા કરી પોતે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

કલ્યાણપુર તાલુકાના ભોગાત ગામે રહેતા એક સોની પરિવારના દંપતિ વચ્ચે ચાલતા ઝઘડામાં યુવાને પોતાના પત્નીને ફટકારી લેતા મૂઢ હાલતમાં તેણીનું મૃત્યુ નીપજ્યું હતું.

આ કરૂણ બનાવની જાણવા મળતી વિગત મુજબ કલ્યાણપુર તાલુકાના ભોગાત ગામે રહેતા અને સોની કામનો વ્યવસાય કરતા શૈલેષભાઈ નાથાલાલ ઘઘડા નામના ૪૦ વર્ષના યુવાન તેમજ તેમના ૩૮ વર્ષના પત્ની જશુબેન ઘઘડાની વચ્ચે ઘણા સમયથી કૌટુંબિક કલેશ ચાલ્યો આવતો હતો. આશરે ૧૬ વર્ષના દામ્પત્ય જીવનમાં ૧૫ વર્ષની મોટી પુત્રી તેમજ ત્યાર બાદ તેણીથી બે નાના પુત્રો વચ્ચે સહિત ત્રણ સંતાનો સાથે આ દંપતી સોમવારે રાત્રિના સમયે પોતાના ઘરે સુતા હતા. ત્યાર બાદ ગઈકાલે મંગળવારે ચઢતા પહોરે આશરે ચારેક વાગ્યાના સુમારે શૈલેષભાઈને તેના પત્ની જશુબેન સાથે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી. આ બોલાચાલી બાદ ગુસ્સામાં આવીને શૈલેષભાઈ તેમના પત્નીને મૂઢ માર્યો હતો. આ વચ્ચે વધુમાં જાણવા મળતી વિગત મુજબ જશુબેન સાથે અગાઉ સર્જાયેલા એક અકસ્માતમાં તેમને હેમરાજ જેવી ઈજાઓ થવા પામી હતી. જેની સારવાર કરવામાં આવી હતી. આ વચ્ચે ગઈકાલે શૈલેષએ આ ભાગે મૂઢ માર મારતા અગાઉના ઈજા સ્થળે જશુબેનને લાગી ગયું હતું. જેના કારણે તેણી સ્થળ પર જ પટકાઈને મૂર્છિત બન્યા હતા.

આ પછી સવારે આશરે નવેક વાગ્યે શૈલેષએ તેમના પત્ની જશુબેનને ઉઠાળતા તેણી ઉઠ?યા ન હતા અને કશુંક અજુગતું બની ગયું હોવાનો તેમને અણસાર આવી ગયો હતો. આથી તેમણે પોતાના સંતાનોને કહ્યું હતું કે "તમારા મમ્મી ઉઠતા નથી. માતાજીના મંદિરે જઈ અને દીવો કરી આવો." આમ કહેતા સંતાનો માતાજીના મંદિરે દીવો કરવા માટે બહાર ગયા હતા. આ સંતાનોએ પરત આવીને જોતા શૈલેષભાઈએ પોતાના ઘરના રસોડામાં પંખામાં કપડાં વડે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

# શુક્રવારે વટ સાવિત્રી વ્રત પુજન

ઘણા બહેનો આ વ્રત ત્રણ દિવસ સુધી રહેતા હોય છે તેઓ એ બુધ ગુરુ શુક્રવારે વ્રત રહેવું જોકે ઘણા ખરા બહેનો એક દિવસ પૂરતું જ આ વ્રત રહે છે

આ વર્ષે જેઠ સુદ ચૌદસ શુક્રવાર ના દિવસે વટ સાવિત્રી વ્રત રહેવાનું રહેશે. તા.૨૧.૬.૨૪ ના દિવસે સવાર ના ૭.૫૧ થી પુનમ તિથિ બેસે છે. શનીવારે સવાર ના ૬.૩૮ સુધી પુનમ તિથિ છે. શનિવાર ના ના દિવસે એકમ તિથિ ક્ષય તિથિ છે આથી પંચાંગ પ્રમાણે જ્યોતિષના નિયમ પ્રમાણે વટ સાવિત્રીનું વ્રત શુક્રવારે રહેવાનું રહેશે. ઘરમાં સુખ શાંતિ આપનાર તથા પતિને દીર્ઘાયુ આપનાર વ્રત છે

વટસાવિત્રી વ્રતનુ પુજન

વિધિઃ- આખો દિવસ ઉપવાસ કરવો, સવારના સમયે નિત્ય કર્મ કરી ત્યારબાદ સૌ પ્રથમ વટના ઝાડ સામે ઉભા રહી હાથમાં જળ રાખી સંકલ્પ કરવો કે મારા પતિને દીર્ઘ આયુષ્ય મળે, ઘરમાં સુખ શાંતિની પ્રાપ્તિ થાય ત્યારબાદ વટના ઝાડનું પુજન કરવું. ચાંદલો કરવો, ચોખા ચડાવવા, અબીલ, કંકુ, ચોખા, ફુલ અગરબત્તીનો ધુપ અર્પણ કરવો, વડનું પુજન કરવું, વડને પાણી પાવું, સુતર લઈને વડની પ્રદક્ષિણા કરી, પોતાના પતિ ના આયુષ્ય માટે પ્રાર્થના કરવી અને સાથે પ્રાર્થના કરવી કે અમારા ઘરમાં કુટુંબમાં સુખ-શાંતિ રહે અને મારા પતિનું આયુષ્ય દીર્ઘ અને નિર્વિઘ્ને રહે તેવા આર્શીવાદ માંગવા.

- વેદાંત રત્ન જયોતિષી રાજદીપ જોષી

# જૂનાગઢની દિકરી કુ.ભાગ્યશ્રી ડાંગરનો વિશ્વની બ્રાયોફાઈટ સ્પેશિયાલિસ્ટ ગ્રુપમાં સમાવેશ

## ગિરનારના જંગલમાં થતી બ્રાયોફાઈટ એટલે કે દ્વિઅંગી વનસ્પતિઓ ઉપરના સંશોધન પ્રદાન બદલ મેળવેલ સિધ્ધીને બીરદાવતા કુલપતિ ડો. ચેતન ત્રિવેદી




જૂનાગઢ, તા.૧૯

ગિર અને ગીરનાર એ આમતો પ્રકૃતિની પાઠશાળા છે. ગિરનાર વનપ્રદેશમાં પ્રકૃતિને પામવા પ્રતિવર્ષ કાર્તિકી અગિયારસથી લીલી પરીક્રમાં ૩૬ કીલોમિટરનાં વનપ્રદેશથી વિહરતી હોય છે. અહીં શહેર અને ગ્રામિણ પ્રકૃતિનાં ચાહકો આસ્થા સાથે ત્રણદિવસ વન્યજીવસૃષ્ટીની સમીપ રહી જ્ઞાનવર્ધન કરતા હોય છે. ગિરનાર વનપ્રદેશ માત્ર આધ્યાત્મિક જ નહીં પણ વનસ્પતિની વિવિધ જાતો અને ઔષધાલયની માંગ પુરી કરે તેવી અનેક વનસ્પતિ-વૃક્ષ, છોડ, વેલા અને તૃણ સાથે અનેક પશુ-પક્ષીઓ-સરીસૃપો સંગાથે જ્ઞાનવર્ધન કરી રહ્યો છે. તાજેતરમાં જ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા કીટકભક્ષી વનસ્પતિનું સંશોધન કર્યુ હતુ. આવુ જ એક સંશોધન જૂનાગઢની દિકરી કુ. ભાગ્યશ્રી ડાંગર કરી રહી છે. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સેન્ટર ઓફ એક્સિલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કંઝર્વેશન સ્ટડીઝ માં જુનિયર રિચર્સ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા કુ.ભાગ્યશ્રી ડાંગરને ગિરનારના જંગલમાં થતી બ્રાયોફાઈટ એટલે કે દ્વિઅંગી વનસ્પતિઓ પરના સંશોધન પ્રદાન બદલ ઈન્ટરનેશનલ એસોસિએશન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (IUCN) દ્વારા વિશ્વની બ્રાયોફાઈટ સ્પેશિયાલિસ્ટ ગ્રુપમાં સમાવેશ કરાયો છે. કુ. ભાગ્યશ્રી ડાંગર ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના લાઈફ સાયન્સ ભવનમાં ડો.રાજેશ રવિયાના માર્ગદર્શન હેઠળ વનસ્પતિ શાસ્ત્રમાં Ph.D કરી રહેલ છે કુ.ભાગ્યશ્રી ડાંગર વિશ્વના બ્રાયોફાઈટ સ્પેશિયાલિસ્ટ ગ્રુપમાં ગુજરાતની પ્રથમ તથા ભારતભરમાથી સૌથી યુવા વૈજ્ઞાનિક છે. તેઓની આ કાર્ય સિદ્ધિ બદલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો (ડો)ચેતન ત્રિવેદીએ અભિનંદન પાઠવતા કહ્યું હતું કે કુ.ભાગ્યશ્રી ડાંગરના સંશોધનથી વિશ્વકક્ષાએ યુનિવર્સિટીને ગૌરવ પ્રાપ્ત થયું છે.તથા યુનિવર્સિટી ખાતે શરૂ થયેલ નવીનવાઈલ્ડ લાઈફ રીચર્સ સેન્ટર ખાતે ચાલતા સંશોધનને વેગ મળશે. ભાગ્શ્રીએ કે દ્વિઅંગી વનસ્પતિઓ પરના સંશોધન પ્રદાન બદલ ઈન્ટરનેશનલ એસોસિએશન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (IUCN) દ્વારા વિશ્વની બ્રાયોફાઈટ સ્પેશિયાલિસ્ટ ગ્રુપમાં સમાવેશ બદલ ખુશી વ્યક્ત કરતા જણાવ્યુ હતુ કે ''ગીરનાર અને તેની આસપાસના જંગલો સૌથી વધુ જૈવિક વિવિધતા ધરાવતા વિસ્તાર છે.

અહીના લોકો વન્યજીવો પ્રત્યે સંવેદનશીલ છે, ગિરનારના જંગલમાં ૬૫૦ પ્રકારની વનસ્પતિ જોવા મળે છે. જેમાંની મોટાભાગની વનસ્પતિ લોકજીવનની જરુરતો સંતોષે તેવી હોય છે. સાથે જ ગીરનારના જંગલમાં ૩૦૦ જાતના પક્ષીઓ નિવાસ કરે છે. પક્ષીઓ સાથે ૫૬પ્રકારના સરિસૃપો અને ઉભયજીવીઓ એટલે કે જે પાણી અને જમીન બન્ને પર રહી શકે તે પણ ગિરનારના જંગલમાં પ્રાપ્ય છે.ગિરનારનું જંગલ કુલ ૧૮૨ચો.કિમી.માં પથરાયેલું છે. આ વિસ્તારમાં ઘણાખરા અજાયબી જેવા જીવો પણ જોવા મળતા રહે છે. આમ જોઈએ તો કુદરતે જે પણ ઈકો સિસ્ટમ નિર્માણ કરી છે તેને ચેડાં કરવાને બદલે તે આપણાં માટે અતિ ઉપયોગી છે આ સત્યને સ્વીકારીને પ્રકૃતિ સાથે આત્મીયતા પૂર્વકનું જીવન વ્યતીત કરવું જોઈએ.

# જૂનાગઢ જીલ્લામાં ૯૮૫ થી વધુ યોગી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો





જૂનાગઢ, તા.૧૯

આગામી તારીખ ૨૧ જૂનના રોજ સમગ્ર રાજ્ય સહિત જૂનાગઢ જિલ્લામાં વિશ્વ યોગ દિનની ઉજવણીનું આયોજન કરાયું હતું. જેના ભાગરૂપે જુનાગઢ જિલ્લાના યોગ પ્રત્યે નાગરિકજાગૃત બને અને વધુમાં વધુ નાગરિકો યોગાસન કરે અને યોગને પોતાની જીવનશૈલીમાં અપનાવે તેવા હેતુ સાથે વિશ્વ યોગ દિન પૂર્વે તારીખ ૧૫ થી તારીખ ૨૦ જૂન દરમ્યાન જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં વિવિધ વિભાગોના સહયોગથી યોગના કાર્યક્રમનું સુધરત આયોજન ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર અને જૂનાગઢ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી તથા જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે કરાયું હતું. તારીખ ૧૫ જૂન વહેલી સવારે કાલરીયા સ્કૂલ મોતીબાગના પટાંગણમાં યોગ પ્રોટોકોલ શિબિરનું આયોજન કરાયું હતું જેમાં જિલ્લાના તમામ યોગ કોચ યોગ ટ્રેનરો અને યોગ સાધકો કુલ મળી ૯૮૫ ભાઈ-બહેનો એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેને કોઓર્ડીનેટર શ્રી અનિલ ત્રિવેદી એ યોગ પ્રોટોકોલનું પ્રશિક્ષણ આપ્યું હતું. જિલ્લા કોઓર્ડીનેટર ચેતનાબેન ગજેરા એ શરૂઆતમાં પ્રાર્થના અને જૂનાગઢ જિલ્લાના બધા ટ્રેનોરો-યોગ કોચને અભિનંદનથી શરૂ કરી પ્રોગ્રામ ખુલ્લો મુક્યો હતો. તેમજ રેણુબેન શુક્લા એ મોદી સાહેબે વિત મંત્રાલય સ્થાપિત અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડની સ્થાપના તેમની કાર્યપદ્ધતિ ખૂબ જ સારી વર્ણવી હતી અને ટ્રેનરો તરીકે ખૂબ આગળ વધો તેવું આહવાન કર્યું હતું.

# ઉના નવાબંદર મરીન પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે સીસીટીવી કેમેરાનો પ્રારંભ





(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૧૯

ગીર સોમનાથ જીલ્લો જે ૧૧૦ કિ.મી. લંબાઈની દરીયાઈ હદ ધરાવતો જીલ્લો હોય અને નવાબંદર મરીન પોલીસ સ્ટેશન જે દરીયાઈ સુરક્ષાની દ્રષ્ટીએ અગત્યનું પોલીસ સ્ટશેન હોય જેથી દરીયાઈ સુરક્ષા માટે ટેકનીકલ સર્વેલન્સ ઉભુ કરવા માટે સીસીટીવી કેમેરા લગાવવા આઈ.જી.પી. નીલેશ જાંજડીયા જુનાગઢ રેન્જ તથા પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન.જાડેજા ગીર સોમનાથ તથા નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરી ઉના વિભાગ દ્વારા નવાબંદર ટાઉનમાં દરીયાઈ સુરક્ષાના ઉમદા હેતુ સાથે સીસીટીવી કેમેરા લગાવવા નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટર પી.જે.બાંટવાને સુચના આપવામાં આવેલ હતી.

જેના અનુસંધાને સીસીટીવીર કેમેરા લગાવવા સારૂ કોડીનાર ખાતે નવુ નિર્માણ પામી રહેલ શાપુરજી પાલનજી કંપની છારા, અંબુજા કંપની કોડીનાર તથા શાંતી ઈન્ફ્રાસ્ટ્રકચર નવાબંદરનાઓને સંપર્ક કરી સીસીટીવી કેમેરા લગાવવા બાબતે ચર્ચા કરવામાં આવતા તેમના તરફથી સીસીટીવી કેમેરા લગાવવા સહયોગ આપવા સહમતી દર્શાવેલ જે બાદ નવાબંદર પોલીસ સબ ઈન્સ. પી.જે.બાંટવા તથા નવાબંદર મરીન સ્ટાફ દ્વારા સીસીટીવી કેમેરા લાગવવા તે અંગેના લોકેશન નક્કી કરી અગત્યના દરેક પોઈન્ટ ઉપર સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે અને આ અંગેનો કંટ્રોલ રૂમ નવાબંદર પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવેલ છે અને નવાબંદર પોલીસ દ્વારા સીસીટીવી કેમેરાનું મોનીટરીંગ કરવામાં આવી રહેલ છે જે ઉપરોકત લગાવેલ કેમેરાનું ધારાસભ્ય કે.સી.રાઠોડ ઉના તથા પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન.જાડેજા, ગીર સોમનાથ તથા નાયબ પોલીસ અધિક્ષક એમ.એક.ચૌધરી, ઉના વિભાગ ઉના તથા સી.પી.આઈ. તાલાળા તથા અન્ય પોલીસ અધિકારી તથા નવાબંદર ગામાના સરપંચ તથા ઉપસરપંચ તથા ગામના ઉપસ્થીત અન્ય આગેવાનોની હાજરીમાં ઉદઘાટન કરવામાં આવેલ છે.

# બાગાયત કૃષિ સહાય માટે આઈ-ખેડૂત પોર્ટલ અરજી કરી શકશે

## તારીખ ૧૪/૬/૨૦૨૪ થી ૧૩/૮/૨૦૨૪ સુધી ઓનલાઈન અરજીઓ સ્વીકારવામાં આવશે

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ જિલ્લા બાગાયત ખેતી કરતા તમામ ખેડૂત ભાઈઓ માટે ગુજરાત સરકાર દ્વારા રાજ્યની વિવિધ સહાયકારી યોજનાઓ બાગાયત વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે આઈ-ખેડૂત (i-Khedut) પોર્ટલમાં તારીખ ૧૪/૬/૨૦૨૪ થી ૧૩/૮/૨૦૨૪ સુધી ઓનલાઈન અરજીઓ સ્વીકારવામાં આવશે. જેમાં આંબા તથા લીંબુ જેવા ફળના પાકો જુના બગીચાઓનું નવનિર્માણ તેમજ શાકભાજીના પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરતી યોજનાઓ માટેની આર્થિક સહાય મળી રહે તે માટે તમામ ખેડૂતો આઈ-ખેડૂત પોર્ટલ દ્વારા અરજી કરી શકશે. જે અરજીની પ્રિન્ટ સાથે ૭-૧૨, ૮-અ, જાતિ દાખલો, આધારકાર્ડ, રેશનકાર્ડ તેમજ બેંક પાસબુકની નકલ નાયબ બાગાયત નિયામક કચેરી, લઘુકૃષિભવન, નિલમબાગ, તાલુકા સેવાસદનની બાજુમાં, જૂનાગઢના સરનામે જમા કરાવવાની રહેશે. આ અંગેની વધુ વિગતો માટે બાગાયત કચેરીનાં (૦૨૮૫) ૨૬૩૫૦૧૯માં સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

# રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ દ્વારા ૨૧મી જૂને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' અને 'વિશ્વ સંગીત દિવસ'ની ઉજવણીનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૧૯

રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ, કે જે 'સાયન્સ સીટી – રાજકોટ'ના હુલામણા નામથી પ્રચલિત છે, તેના દ્વારા વખતો વખત વિવિધ વિજ્ઞાન અને ટેકનોલોજી આધારિત કાર્યક્રમો અને વર્કશોપ્સનું આયોજન કરવામાં આવતું હોય છે. આગામી તારીખ ૨૧ જૂન ૨૦૨૪ના રોજ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' અને 'વિશ્વ સંગીત દિવસ' ઉજવવામાં આવે છે. આ નિમિત્તે રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ દ્વારા ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં, પૂજ્ય સદગુરૂ દ્વારા સ્થાપિત ઈશા ફાઉન્ડેશનના સહયોગથી યોગ કાર્યક્રમનું આયોજન કરેલ છે તથા સાંજે વિશ્વ સંગીત દિવસને ઉજવવા માટે ઓપન સ્ટેજ પરફોર્મન્સનું આયોજન કરવામાં આવેલ છે. આ બન્ને કાર્યક્રમોમાં ઈચ્છુક લોકો ભાગ લઈ શકે છે. રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ (સાયન્સ સીટી – રાજકોટ) 'લોકો માટે, લોકો દ્વારા' પહેલ અંતર્ગત વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતું વિવિધ કાર્યક્રમો અને વર્કશોપ્સનું આયોજન કરતુ રહે છે. આ કાર્યક્રમોમાં વિવિધ વિજ્ઞાન આધારિત દિવસો, વૈજ્ઞાનિકોના જન્મદિવસો અને શોધો વિવિધ ટેકનોલોજી, હુનર અને અવેરનેસ વર્કશોપ્સ જેવી પહેલો સામેલ થાય છે. આગામી તારીખ ૨૧ જૂન ૨૦૨૪ના રોજ દર વર્ષે બે ખાસ દિવસોની આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવણી કરવામાં આવે છે, જેમાં, યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ઉજવવામાં આવે છે. આ દિવસ સૌને સંદેશ આપે છે કે યોગ, એક એવું પરિવર્તનકારી વિજ્ઞાન છે, જે મન અને શરીરની સંવાદિતા, વિચાર અને ક્રિયા વચ્ચે સંતુલન અને સંયમ અને પરિપૂર્ણતાની એકતાનું પ્રતિનિધિત્વ કરે છે. તે શરીર, મન, ભાવના અને આત્માને એકીકૃત કરે છે, આરોગ્ય અને સુખાકારી માટે એક સર્વગ્રાહી અભિગમ પ્રદાન કરે છે તથા આપણા વ્યસ્ત જીવનમાં શાંતિ લાવે છે. યોગની આ પરિવર્તનકારી શક્તિને વધું ને વધું લોકો સુધી પહોંચાડવા આપણે આ ખાસ દિવસે ઉજવીએ છીએ. યોગ દિવસની ઉજવણી નિમિત્તે રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ દ્વારા પૂજ્ય સદગુરુ દ્વારા સ્થાપિત ઈશા ફાઉન્ડેશનના સહયોગથી યોગાસનનો કાર્યક્રમ રાખેલ છે. આ કાર્યક્રમમાં ઈશા ફાઉંડેશનના વોલેન્ટિયર દ્વારા પૂજ્ય સદગુરૂ દ્વારા સ્થાપિત યોગ સાધના કરાવવામાં આવશે, જેમાં એકાગ્રતામાં વધારો, યાદશક્તિ અને કાર્યદક્ષતા, સ્વસ્થ શરીર અને મન, લાગણીઓ, તણાવ, ચિંતા અને તાણમાં ઘટાડો, આનંદ, શાંતિ અને પરિપૂર્ણતાની કાયમી ભાવના સેવાય તેના પર માર્ગદર્શન આપવામાં આવશે. આ કાર્યક્રમ સેન્ટર ખાતે સવારે ૦૯:૦૦ થી ૧૦:૦૦ કલાક દરમ્યાન આયોજીત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકે છે. યોગ કાર્યક્રમમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન અનિવાર્ય છે અને રજીસ્ટ્રેશન માટેની લીંક http://bit.ly/Rscyoga છે. ભાગ લેનાર સૌએ યોગ માટે જરૂરી સામગ્રી જેવીકે યોગા મેટ વિગેરે જાતે લાવવાની રહેશે તથા સેન્ટરની ટીકીટ લેવાની રહે છે, જે તે દિવસના નિયત દરો લાગુ પડે છે. તારીખ ૨૧ જૂનના રોજ 'વિશ્વ સંગીત દિવસ' પણ ઉજવવામાં આવે છે. સંગીત માટેનો આ ખાસ દિવસ ફ્રાન્સમાં ઉદભવ્યો હતો અને ૧૯૮૨માં પેરિસમાં સૌપ્રથમવાર ઉજવવામાં આવ્યો હતો. ત્યારથી, તેની લોકપ્રિયતા સમગ્ર વિશ્વમાં ફેલાઈ ગઈ છે, અને હવે વિશ્વ સંગીત દિવસ ૧૨૦ દેશોના ૧૦૦૦ થી વધુ શહેરોમાં તે જ દિવસે ઉજવવામાં આવે છે, જેમાં ભારત, ઈટાલી, ઓસ્ટ્રેલિયા, પેરુ, કેનેડા, યુકે અને જાપાન સમાવિષ્ટ થાય છે. આ દિવસ નિમિત્તે રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ દ્વારા ખાસ 'ઓપન સ્ટેજ પરફોર્મન્સ' નું આયોજન કરેલ છે. આ કાર્યક્રમમાં સંગીત પ્રેમીઓ પોતાની સંગીતકલા લોકો સમક્ષ પ્રદર્શિત કરી શકે છે, જેમાં કોઈપણ ગાયકો, વાજિંત્ર વાદન, વાજિંત્ર વાદન અને ગાયન, ઓર્કેસ્ટ્રા તેમજ કરાઓકે સાથે ગાયન, જેમાં સોલો, ડ્યુએટ, તેમજ ગ્રુપમાં કોઈપણ પ્રકારના સંગીત વગાડી તથા ગીતો ગાઈ લોકો સમક્ષ પોતાની સંગીતકલા રજૂ કરી શકે છે. ઓપન સ્ટેજ પરફોર્મન્સ' નું આયોજન સંગીત કલાને બિરદાવવા, ઉભરતા કલાકારોને પ્લેટફોર્મ પૂરું પાડવા અને એકતાના સંદેશ રૂપે કરેલ છે. ઓપન સ્ટેજ પરફોર્મન્સ સંગીત કાર્યક્રમ રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ ખાતે સાંજે ૫:૦૦ થી ૦૭:૩૦ દરમ્યાન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં રાજકોટના 'નિર્વાના' બેન્ડ દ્વારા ફોલ્ક સિંગિંગ પર ખાસ કાર્યક્રમ રજુ કરવામાં આવશે. વિશ્વ સંગીત દિવસ નિમિત્તે ઓપન સ્ટેજ પરફોર્મન્સ કાર્યક્રમમાં ફ્રી રજીસ્ટ્રેશન કરાવવા માટેની લીંક https://bit.ly/Rscmusic છે. ઓપન સ્ટેજ પરફોર્મન્સમાં ભાગ લેવા ઈચ્છુક તમામ સંગીત પ્રેમી કલાકારોએ તમામ સામગ્રીઓ જેવીકે વાજીંત્રો, ઈલેક્ટ્રોનિક વાજીંત્રોના મોનીટર, માઈક, સ્ટેન્ડ વિગેરે સાથે લાવવાની રહે છે. સેન્ટર દ્વારા કરાઓકે માટે વ્યવસ્થા તથા જરૂરી પાવર સપ્લાય વ્યવસ્થા આપવામાં આવશે. સેન્ટર દ્વારા તમામ ભાગ લેનારને પાર્ટીસીપેશન સર્ટિફિકેટ આપવામાં આવશે. આ કાર્યક્રમ સ્પર્ધા નથી તથા તદન નિઃશુલ્ક છે. ભાગ લેનાર તમામે ફક્ત સેન્ટરની એન્ટ્રી / પાર્કિંગ ટીકીટ લેવાની રહે છે અને જે તે દિવસના નિયત દરો લાગુ પડે છે. ઉપર્યુક્ત કાર્યક્રમોમાં વધું ને વધું લોકોને જોડવવા માટે રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ દ્વારા અપીલ કરવામાં આવે છે. વધું માહિતી માટે સંસ્થાના ટેલીફોન : ૦૨૮૧-૨૯૯૨૦૨૫ પર સંપર્ક કરી શકાય છે.

## કૃષિસહાયની વિવિધ કલ્યાણકારી યોજનાઓ માટે

# જૂનાગઢ જીલ્લાના ખેડૂતોએ તા.30 જૂન સુધીમાં જરૂરી સાધનિક પુરાવાઓ રજૂ કરવા અનુરોધ

જૂનાગઢ, તા. ૧૯

જૂનાગઢ જિલ્લામાં બાગાયત ખાતા દ્વારા ચાલતી વિવિધ સહાયલક્ષી યોજનાઓમાં વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઓનલાઈન અરજીઓ સહાય મેળવવા ખેડૂતો દ્વારા તા.૧૨/૩/૨૦૨૪ થી તા.૧૧/૫/૨૦૨૪ દરમિયાન આઈ-ખેડૂત પોર્ટલ મારફતે કરવામાં આવી હતી. જે અંર્તગત સહાય મેળવવા ઈચ્છુક ખેડુતોએ અરજીની નકલ સાથે તાજેતરના ૭/૧૨ અને ૮-અ, બેંક પાસબૂક નકલ, આધાર કાર્ડની નકલ, રદ કરેલ ચેક, બાગાયત વાવેતર પાણી પત્રક (૧૨ નંબર) તેમજ સહિતના જરૂરી સાધનિક દસ્તાવેજોની નકલ, જાતિનું પ્રમાણપત્ર (અનું. જાતી), તેમજ કંપનીનું ક્વોટેશન અને ટપકનો ટ્રાયલ રિપોર્ટ વગેરે, લાભ લેવા ઈચ્છૂક દરેક ખેડૂતોએ જરૂરી કાગળોની નકલ તથા બિડાણ નાયબ બાગાયત નિયામકશ્રી કચેરી, લઘુકૃષિભવન, નિલમબાગ, તાલુકા સેવાસદનની બાજુમાં, જૂનાગઢના સરનામે તા.૩૦/૬/૨૦૨૪ સુધીમાં રૂબરૂ જમા કરાવવાની રહેશે. આ અંગેની વધુ વિગતો માટે બાગાયત કચેરીનો (૦૨૮૫) ૨૬૩૫૦૧૯ મા સંપર્ક કરવો, તા. ૩૦ જૂન પછી આવી કોઈપણ જાતની અરજીઓ સ્વીકારવામાં આવશે નહી. તેમ જૂનાગઢ જિલ્લા નાયબ બાગાયત નિયામકે એક યાદીમાં જણાવેલ છે.

# ટાટા કેમિકલ્સ હોસ્પિટલના હેલ્થ કેમ્પમાં ૨૦૦થી વધુ રહીશોએ ભાગ લીધો

(પ્રતિનિધિ દ્વારા)

મીઠાપુર, તા.૧૯





ટાટા કેમિકલ્સ હોસ્પિટલે ઓકોલોજી અને કાર્ડિયોલોજી કન્સલ્ટેશન્સ અને તબીબી સલાહસૂચનો પર ધ્યાન આપતા એક મહત્વપૂર્ણ હેલ્થ કેમ્પ સફળતાપૂર્વક પૂરો કર્યો હતો જે સમુદાયની સુખાકારી માટે તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે. આ ફ્રી કેમ્પ ૧૬ જૂનના રોજ યોજાયો હતો જેમાં મીઠાપુર અને આસપાસના ગામોના ૨૦૦થી વધુ રહીશોએ સક્રિયપણે ભાગ લીધો હતો. કેમ્પ દરમ્યાન હોસ્પિટલ દ્વારા વ્યાપક પ્રકારની તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. નિષ્ણાંત ઓકોલોજીસ્ટે ૧૮ દર્દીઓ અને કાર્ડિયોલોજીસ્ટે ૬૦ દર્દીઓને ચકાસ્યા હતા જ્યારે જનરલ સર્જન અને એમડી ફિઝિશિયને અનુક્રમે ૬૦ અને ૭૦ દર્દીઓની તપાસ કરી હતી. કેમ્પમાં ફ્રી લેબ ઈન્વેસ્ટિગેશન, ઈસીજી, ૨ડી ઈકો સ્ક્રીનિંગ અને ડાયગ્નોસ્ટિક ચેક-અપ જેવી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. ટાટા કેમિકલ્સ હોસ્પિટલના ચીફ હેલ્થ અને વેલનેસ ઓફિસર ડો. એસ. ભટનાગરે સ્થાનિક સમુદાયોના ઉત્સાહપૂર્ણ પ્રતિસાદ પર ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે ''હેલ્થ કેમ્પમાં રહીશોની સક્રિય ભાગીદારી આવી નિર્ણાયક પહેલના મહત્વને દર્શાવે છે. ૭૫ વર્ષથી વધુ સમયથી અમે અમારી હોસ્પિટલ દ્વારા અમારા સમુદાયની આરોગ્યને લગતી જરૂરિયાતોને ટેકો આપવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા છીએ.'' આ કેમ્પની સફળતા સુલભ અને ગુણવત્તાયુક્ત હેલ્થકેર સુવિધાઓ પૂરી પાડવા માટે ટાટા કેમિકલ્સ હોસ્પિટલ્સની પ્રતિબદ્ધતાને રજૂ કરે છે. આ આરોગ્ય અને સુખાકારી પહેલને ચાલુ રાખીને ટાટા કેમિકલ્સ હોસ્પિટલ જુલાઈના ત્રીજા સપ્તાહમાં સૌથી મોટા રક્તદાન અભિયાનનું આયોજન કરશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ખાદ્ય ચીજોમાં 'લિક્વીડ નાઈટ્રોજન'નો ઘાતક ઉપયોગ

તાજેતરમાં કેટલાય સમાચારો આવ્યા છે કે અમુક-તમુક ખાદ્ય પદાર્થ ખાધા બાદ લોકો ગંભીર રૂપે બીમાર થઈ રહ્યા છે. તેનું કારણ એ ખાદ્ય ચીજોમાં 'લિક્વીડ નાઈટ્રોજન' ભેળવવું જે સ્વાસ્થ્ય માટે ઘણું હાનિકારક છે. આઈસ્ક્રીમ કે એવી અન્ય ખાદ્ય ચીજોમાં ધુમાડો પેદા કરવા માટે લિક્વીડ નાઈટ્રોજનનો મોટાપાયે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેનાથી કેટલીય વાર તેને ખાનાર વ્યક્તિ ઘાયલ પણ થઈ જાય છે. આ પદાર્થનો ઉપયોગ મોટાભાગે આઈસ્ક્રીમ, કોકટેલ, મોકટેલ અને બેકરી ઉત્પાદનોને જલ્દી ઠંડા કરવા માટે કરવામાં આવે છે. હાલમાં જ બેંગુલુમાં એક ૧૨ વર્ષીય કિશોરીએ એક લગદ્ધમાં લિક્વીડ નાઈટ્રોજનવાળું પાન ખાધું હતું, જેના બાદ તેના પેટમાં કાણું પડી ગયું હતું. તેણે સર્જરી કરાવવી પડી હતી અને છ દિવસ સુધી હોસ્પિટલમાં રહેવું પડ્યું હતું. દેશમાં ઘણી જગ્યાએ 'સ્મોકી પાન' પણ બેધડક વેચાઈ રહ્યાં છે. મદુરઈમાં ખાદ્ય સુરક્ષા વિભાગે આ જ વર્ષે એપ્રિલમાં લિક્વીડ નાઈટ્રોજનથી બનેલા સ્મોક્ડ બિસ્કીટ વેચવાને કારણે એક દુકાનનું લાયસન્સ રદ કરી દીધું હતું. થોડાં વર્ષ પહેલાં એક યુવા ઉદ્યમીને ગુરુગ્રામની હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં ડોક્ટરોએ તેનું અડધું પેટ કાઢી નાખ્યું, કારણ કે તેણે લિક્વીડ નાઈટ્રોજનથી બનેલ કોકટેલ પી લીધું હતું. તેનો સફેદ ધુમાડો - લિક્વીડ નાઈટ્રોજન વરાળ - ગાયબ થતાં પહેલાં જ તે ડ્રિંક પી ગયો હતો. આ વર્ષની શરૂઆતમાં જ એક અન્ય મામલે ગુરુગ્રામની એક રેસ્ટોરાંમાં પાંચ ગ્રાહકોને એ સમયે બળતરા થઈ જ્યારે તેમને માઉથ ફ્રેશનરની જગ્યાએ સૂકો બરફ આપવામાં આવ્યો. તેમને લોહીની ઉલટીઓ થવા લાગી અને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. પદાર્થને ઠંડો કરવા વપરાતા લિક્વીડ નાઈટ્રોજનને જો સીધું જ ગળી જવામાં આવે તો મોં, ગળા, અન્ન પ્રણાલી અને પેટને ગંભીર જખમ થઈ શકે છે. જોકે ગ્રાહકોને ભોજન પીરસતી વખતે તેને પ્રતિબંધિત કરી દેવામાં આવ્યું છે, પરંતુ એફએસએસએઆઈએ લિક્વીડ નાઈટ્રોજનને પ્રોડક્શન ફેઝ દરમ્યાન આઈસ્ક્રીમ જેવા કે ડેરી આધારિત ડેઝર્ટમાં કોન્ટેક્ટ ફ્રીઝિંગ અને કૂલિંગ એજન્ટ રૂપે ઉપયોગ કરવાની અનુમતિ આપી છે. ઉપભોગ માટે પીરસતી વખતે સ્મોકિંગ બિસ્કીટ, ડેઝર્ટ કે અન્ય ખાદ્ય પદાર્થોમાં લિક્વીડ નાઈટ્રોજનનો ઉપયોગ કરવાની અનુમતિ બિલકુલ નથી. આ નિયમના ઉલ્લંઘન પર કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. રેસ્ટોરન્ટ કે આઈસ્ક્રીમ વેચતા પાર્લરો સામાન્ય રીતે લિક્વીડ નાઈટ્રોજનનો ઉપયોગ તેના અનોખા ગુણને કારણે કરે છે. લિક્વીડ નાઈટ્રોજન બેહદ ઠંડો (-૧૯૬ ડિગ્રી સેલ્સિયસ) હોયછે. તે ખાદ્ય ચીજને તરત ઠારી શકે છે અથવા તેના પર ધૂમાડાનાં વાદળ બનાવી શકે છે, જેને ખાવાનો અનુભવ અનોખો અને યાદગાર થઈ જાય છે. જોકે તેના ઉપયોગ માટે તેને બેહદ ઓછા તાપમાન અને સંભવિત ખતરાને કારણે સાવધાનીપૂર્વક હેંડલિંગ અને સમજદારીની જરૂર હોય છે. લિક્વીડ નાઈટ્રોજનથી બનેલ ધૂમાડો જોવામાં આકર્ષક લાગે છે, જે વ્યંજનો અને કોકટેલમાં એક નાટકીય તત્ત્વ ઉમેરે છે, જે ભોજનના અનુભવને યાદગાર બનાવે છે. તે ખાદ્ય ચીજને બરફના ક્રિસ્ટલ બનાવ્યા વિના ફટાફટ ઠંડી કરી દે છે. તેનો ઉપયોગ ખાદ્ય ચીજને સ્મોકી ઈફેક્ટ આપવા પણ થઈ રહ્યો છે. તેને જડીબૂટી કે ફળોને તરત ઠારી દેવા માટે પણ વાપરવામાં આવે છે, જેનાથી તેનો સ્વાદ અને રંગ સુરિક્ષત રહે છે. આઈસ્ક્રીમ અને કોકટેલમાં આ બેધડક વપરાય છે. આ લિક્વીડ નાઈટ્રોજન બેહદ ઠંડો હોય છે, જેથી ત્વચાના સંપર્કમાં આવતાં જ ગંભીર શીતદંશ (ફ્રોસ્ટબાઈટ) કે ક્રાયોજેનિક જલન પેદા કરે છે. જો શ્વાસ દ્વારા નાઈટ્રોજન ગેસ ફેફસાંમાં ચાલ્યો જાય તો તે ઓક્સિજનની જગ્યા લઈ લે છે અને શ્વાસ રૂંધાવાની સમસ્યા પેદા કરે છે. લિક્વીડ નાઈટ્રોજન સંપૂર્ણ રીતે વરાળ થઈ જતાં પહેલાં ગળી જવાથી શરીરના અંગોને અંદરથી ગંભીર નુક્સાન થઈ શકે છે. જો તમને આપવામાં આવેલ આઈસ્ક્રીમ, બિસ્કીટ, પાન કે ખાવાની કોઈપણ ચીજ સ્મોકી દેખાઈ રહી હોય કે એવું લાગી રહ્યું હોય કે તેને જોતાં જ ગમી જાય તેવી રીતે કંઈક ખાસ કરતબ કરવામાં આવ્યું છે તો સાવધાન થઈ જાવ. તમે સવાલ કરો કે તેમાં લિક્વીડ નાઈટ્રોજનનો ઉપયોગ કરાયો છે? બીજી તરફ, જ્યાં સુધી ધૂમાડો ખતમ ન થઈ જાય ત્યાં સુધી એ ખાદ્ય ચીજ ખાઈ લેવાની ઉતાવળ બિલકુલ ન કરો. અસલમાં એક હદ સુધી લિક્વીડ નાઈટ્રોજનના ઉપયોગવાળી ખાદ્ય ચીજ ખાવાથી તરત કોઈ ઈફેક્ટ નથી થતી, પરંતુ વધુ ઉપયોગવાળી ખાદ્ય ચીજથી તમારે તરત જ હોસ્પિટલ જવું પડી શકે છે.

ગરીબ રોટીને શોધે છે અને અમીર ભૂખને...!
- ડેનિશ કહેવત

## આપની આવતીકાલ કેવી જશે...?

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ સુદ-૧૨ પ્રદોષ, વટસાવિત્રી વ્રત પ્રારંભ તા.૧૯ જૂન ૨૦૨૪, બુધવાર, પારસી તા.૯, મુસ્લિમ તા.૧૨, વિશાખા નક્ષત્ર, સિધ્ધી યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૮
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત), સવારે ૧૧:૦૪ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ગૃહસ્થિ જીવનમાં આનંદ રહે, વણસેલા સંબંધો સુધરે.
વૃષભ: કોર્ટ-કચેરીના કાર્યોમાં લાભ થાય. રોકાયેલા નાણા છૂટા થાય.
મિથુન: વ્યર્થ ચિંતા દૂર થાય, આનંદપૂર્ણ દિવસ વિતે.
કર્ક: મહત્વના કાર્યોમાં સફળતા મેળવી શકો, તકનો લાભ ઉઠાવજો.
સિંહ: લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય, મનની મુંઝવણ દૂર થાય.
કન્યા: વ્યર્થ ક્રોધથી દૂર રહેવું, આંધળો વિશ્વાસ મૂકીને કામ કરવાની વૃતિ ટાળવી.
તુલા: યશ-માનના ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.
વૃશ્ચિક: સ્વભાવમાં ઉગ્રતા રહે, ધારી સફળતામાં વિલંબ રહે.
ધન: મનની મુંઝવણ મનમાં રહે, વ્યર્થ ક્રોધ રહે.
મકર: અચાનક પ્રવાસ થાય, મહામહેનતે કાર્યમાં સફળતા મળે.
કુંભ: કાર્યબોઝ વિશેષ રહે, શેર-સટ્ટા-લોટરીમાં લાભ મળે.
મીન: આર્થિક લાભ રહે, મનની મુરાદ બર આવે.

# નિવૃત્ત કર્મચારીઓનાં કોમ્પ્યુટેડ પેન્શનની કપાત રકમ ૧૫નાં બદલે ૧૦ વર્ષ સુધી કરો, ૧૫ વર્ષ સુધી થયેલી કપાતની રકમ પરત કરો : નિવૃત તલાટી મંત્રી મંડળ

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૯

ગુજરાત રાજ્યના નિવૃત તલાટી મંત્રી સર્કલ ઈન્સ્પેક્ટર સંગઠન ટ્રસ્ટ(રાજ્ય)ના પ્રમુખ હરિભાઈ ધુડા, મહામંત્રી એચ. જે. જોશીની સંયુક્ત યાદીમાં જણાવાયું છે કે, નિવૃત થયેલા કર્મચારીઓ, અધિકારીઓને નિવૃત વખતે પેન્શનનો અમુક ભાગ કોમ્પ્યુટેડ પેન્શન તરીકે એકીસાથે આપવામાં આવે છે. બાદમાં પ્રથમ હપ્તાથી ૧૫ વર્ષ સુધી ૧૨% વ્યાજ વસુલાય છે. ત્યારે આ રીતે અપાયેલ રકમ પર ૧૨% વ્યાજ વસૂલાત કરતા ૧૦ વર્ષે જ આ રકમ વસુલ થઈ જાય છે. તેમ છતાં પણ ૧૫ વર્ષ સુધી કપાત કરી નિવૃત કર્મચારીઓ પાસેથી ખોટી રીતે મોટી રકમ વસુલાય છે.

આ બાબતે અનેક વખત નાણાં ખાતામાં રજૂઆત કરતા અને હકીકત ખરી હોવાનું ધ્યાને આવતા તાજેતરમાં આ રકમ ૧૩ વર્ષે સુધી કપાત કરવાનું ઠરાવેલ છે. પરંતુ તેમાં પણ વિસંગતતા છે. પ્રથમ હપ્તો અને વ્યાજ ગણતા તે રકમ ૧૦ વર્ષે કપાત થઈ જાય છે અને બાદમાં ૩ વર્ષ વધારાની રકમ કપાતી હોય નિવૃત્ત કર્મચારીઓને ભારે આર્થિક નુકસાન સહન કરવાનું થાય છે. પંજાબ, હરિયાણા હાઈકોર્ટે દ્વારા અમારી રજૂઆતને સમર્થન આપતો ચુકાદો આપતા પંજાબ, હરિયાણા સરકારે કપાત બંધ કરીને કપાયેલા રકમ પરત ચૂકવવા આદેશ કરેલો છે. ત્યારે ગુજરાતમાં પણ ૧૦ વર્ષે ૧૨ % વ્યાજ સહિત કપાત પૂર્ણ થઈ જતી હોય તે બંધ કરવા અને ૧૫ વર્ષ સુધી કપાયેલા રકમ વસુલી હોય તે રકમ નિવૃત કર્મચારીને પરત ચૂકવી આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાણામંત્રી કનુ દેસાઈ અને નાણા સચિવોને લેખીતમાં માંગ કરાઈ છે. બેંક લોન વ્યાજ પણ છેલાં ૧૫ વર્ષથી ૮%થી ૧૦% અને ડિપોઝિટ ઉપર ૬ % થી ૭% ગણવામાં આવે છે.

જ્યારે નિવૃત કર્મચારીઓને ૧૨ % વ્યાજનો દંડ આપી વધુ રકમ વસુલ થાય છે, જે અન્યાયી છે. નિવૃત્ત કર્મચારીઓને નિવૃત્તિ સમયે ૨૦ લાખની કોમ્પ્યુટેડ પેન્શનની રકમ અપાય છે. આ રકમ ઉપર ૧૫ વર્ષ સુધી ૧૨ ટકા લેખે વ્યાજ લાગુ કરી સરકાર નિવૃત્ત કર્મીઓ પાસેથી ૧૮૦ ટકા રકમ વસુલી લે છે. આમ, નિવૃત્ત કર્મચારીઓ, પેન્શનરોને લગભગ ડબલ માર પડે છે.

# ખંભાળિયાના સામોર સ્થિત નાની સિંચાઈ યોજનાની રિસ્ટોરેશનની કામગીરીનું કેબિનેટ મંત્રી દ્વારા સ્થળ નિરીક્ષણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૯

ખંભાળિયાના ધારાસભ્ય અને રાજયના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ ખંભાળિયા તાલુકાના સામોર ગામે આવેલી હંસ્થળ નાની સિંચાઈ યોજના રીસ્ટોરેશન કામગીરીની સ્થળ મુલાકાત લીધી હતી. ખંભાળિયામાં હંસ્થળ નાની સિંચાઈ યોજનાથી સામોર, કોઠા વીસોત્રી અને હંસ્થળ એમ ત્રણ ગામોમાં પીવાનું પાણી તથા સિંચાઈની વ્યવસ્થા સુદ્રઢ બને તે માટે કેબિનેટ મંત્રીએ અધિકારીઓને સમયસર કામગીરી પૂર્ણ કરવા જરૂરી સૂચનો આપ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ખંભાળિયા તાલુકાના સામોર ગામે આવેલી હંસ્થળ નાની સિંચાઈ યોજના ૧૦૦ વર્ષથી વધુ જૂની યોજના છે. જેની કુલ સંગ્રહ ક્ષમતા અંદાજે ૧૯૯ એમ.સી.એફ.ટી. છે અને કુલ ૧૦ કિમી કેનાલ નેટવર્ક આવેલું છે.

આ યોજનાથી સામોર, કોઠા વીસોત્રી અને હંસ્થળ એમ કુલ ત્રણ ગામોની અંદાજે ૧૨૦૦ એકર જમીનને સિંચાઈનો સીધો લાભ થાય છે. જે કામના અંદાજિત રકમ રૂા.૧૬૭.૯૯ લાખના કામો મંજૂર કરવામાં આવતા સ્થળ ઉપર કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં હાલમાં ૭૫ ટકા કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. આ મુલાકાતના તેમની સાથે પાલાભાઈ કરમુર, સગાભાઈ રાવલિયા, ગોવિંદભાઈ કનારા, ભરતભાઈ ચાવડા સહિત સિંચાઈ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયામાં રઘુવંશી જ્ઞાતિના તેજસ્વી તારલાઓને સન્માનિત કરાયા



## મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઈનામ, એવોર્ડનું વિતરણ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૯

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા શ્રી રઘુવંશી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે અત્રે બેઠક રોડ ઉપર આવેલી શેઠ વી.ડી. બરછા નવી લોહાણા મહાજન વાડી ખાતે જ્ઞાતિના ધોરણ ૧ થી ૧૨ સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ તેમજ વિવિધ ડિગ્રી મેળવેલા વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી રઘુવંશી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સેવાભાવી કાર્યકરો દ્વારા "માં સરસ્વતી સન્માન સમારોહ"નું આયોજન રવિવારે સાંજે નવી લોહાણા મહાજન વાડી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થી ૧૨ ના ઉચ્ચ ટકાવારી મેળવીને ઉત્તીર્ણ થયેલા કુલ ૨૬૭ વિદ્યાર્થીઓનું ઈનામ તેમજ પ્રમાણપત્રો સાથે ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જ્ઞાતિના આગેવાનો, ટ્રસ્ટીઓના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓ ઉપરાંત ખંભાળિયાના મૂળ રહીશ અને ડોક્ટર, સી.એ., સી.એસ., આઈ.સી.ડબલ્યુ.એ., એન્જિનિયરિંગ, જેવા પ્રોફેશનલ કોર્સમાં સિદ્ધિ હાંસલ કરીને ખંભાળિયા રઘુવંશી જ્ઞાતિનું નામ રોશન કરનારા તેમજ સરકારી નોકરીમાં પરમેનન્ટ થયા હોય તે તમામને પણ સન્માનિત કરાયા હતા. આ ઉપરાંત આ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિમાં વધુમાં વધુ જ્ઞાતિજનો સહભાગી થાય તે માટે ખાસ ક્યુ.આર. કોડ પણ લોન્ચ કરવામાં આવ્યો હતો. આ સાથે એજ્યુકેશન વિભાગમાં મહિલા કમિટીની પણ સ્થાપના કરવામાં આવી હતી. જેનો મુખ્ય હેતુ શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રોમાં પણ જ્ઞાતિના બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવશે. આ સેવા કાર્ય માટે શહેર તેમજ અન્ય વિસ્તારોમાંથી પણ જ્ઞાતિના અનેક દાતાઓનો સહયોગ નોંધપાત્ર બની રહ્યો હતો. આ સુંદર આયોજન માટે સંસ્થાના હોદ્દેદારો-કાર્યકરોની ટીમે નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર કાર્યક્રમ આવકારદાયક બની રહ્યો હતો.

# રાજકોટ રેલવે ડિવિઝનમાં પેન્શન અદાલતનું સફળતાપૂર્વક આયોજન



(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૧૯

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ૧૭મી જૂન, ૨૦૨૪ના રોજ પેન્શન અદાલતનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. પેન્શનરો અને ફેમિલી પેન્શનરો પાસેથી પહેલાથી જ અરજીઓ મંગાવવામાં આવી હતી. જેના આધારે જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. કુલ ૨૫ કેસ મળ્યા હતા, આ તમામ કેસોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. આ સમયગાળા દરમ્યાન, કુલ ૧૬ પેન્શન પે ઓર્ડર(PPO) જારી કરવામાં આવ્યા હતા જે ડિવિઝનલ રેલવે મેનેજર અશ્વની કુમાર દ્વારા હાજર નિવૃત્ત રેલવે કર્મચારીઓને વ્યક્તિગત રીતે આપવામાં આવ્યા હતા. અશ્વની કુમારે ઉપસ્થિત તમામ પેન્શનરોને ખાતરી આપી હતી કે માત્ર પેન્શન અદાલત દરમ્યાન જ નહીં પરંતુ સામાન્ય કામકાજના દિવસોમાં પણ પેન્શનધારકોની સમસ્યાઓ ઉપર સંપૂર્ણ ધ્યાન આપવામાં આવશે અને કાર્મિક અને એકાઉન્ટ વિભાગ હંમેશા સંપૂર્ણ સહકાર આપશે. આજની પેન્શન અદાલતમાં લગભગ ૪૦ વરિષ્ઠ નાગરિકો/તેમના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા અને પેન્શન અદાલતનું સમાપન સૌહાર્દપૂર્ણ રીતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર મનીષ મહેતા, સિનિયર ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજર કિરેન્દુ આર્ય, આસિસ્ટન્ટ પર્સનલ ઓફિસર (એન્જિનિયરિંગ) કમલેશ દવે, આસિસ્ટન્ટ ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજર વસંત લાલ પરમાર, વેલ્ફેર ઈન્સ્પેક્ટર, સેટલમેન્ટ સેક્શનની ટીમ. અને એકાઉન્ટ્સ વિભાગની ટીમનો સ્ટાફ હાજર રહ્યો હતો અને પેન્શન અદાલતને સફળ બનાવી હતી.

# ખંભાળિયામાં કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ




(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૯

ખંભાળિયામાં જિલ્લા સેવા સદન ખાતે તાજેતરમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાની માર્ગ સલામતી સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં એકશન ટેકન રીપોર્ટ અંગે વિવિધ રોડ ઉપર સ્ટ્રીપ મુકવા અંગે, જન જાગૃતી માટે કરવામાં આવતા વિવિધ કેમ્પો અંગે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર જી. ટી .પંડ્યાએ જણાવ્યું હતું કે, શાળાના બાળકોને લઈ આવતા વાહનોમાં જરૂરી દસ્તાવેજો, વાહનોની ફિટનેસ સહિત સલામતી જરૂરી પગલાં લેવામાં આવ્યા છે તેની ચકાસણી કરવી. ઉપરાંત હાઈવે ઉપર બ્લેક સ્પોટની ઓળખ કરી જરૂરી રિફલેક્ટર તથા સાઈન બોર્ડ લગાવવા અંગે સૂચનો કર્યા હતા.

આ ઉપરાંત ચોમાસાની ઋતુમાં ગામડાઓ સહિતના વિસ્તારોમાં આવેલ કોઝ-વે ઉપર પાણી ફરી વળતા હોય છે ત્યારે અકસ્માત નિવારવા માટે જરૂરી પગલાં લેવા અંગે સૂચનો કર્યા હતા. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી, જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય, નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયા, નાયબ પોલીસ અધિક્ષક પરમાર, પ્રજાપતિ, એ.આર.ટી.ઓ. તલસાણીયા સહિત સંલગ્ન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પશ્ચિમ બંગાળ રેલ દુર્ઘટના પર કોંગ્રેસની માંગ

# વૈષ્ણવે રેલ્વે મંત્રી પદ પરથી રાજીનામું આપવું જોઈએ



## કોંગ્રેસના સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મના અધ્યક્ષ સુપ્રિયા શ્રીનેટે રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવને અકસ્માત માટે જવાબદાર ઠેરવ્યા

નવી દિલ્હી,તા.૧૯

નવી દિલ્હીમાં કોંગ્રેસના મુખ્યાલયમાં પત્રકાર પરિષદને સંબોધિત કરતી વખતે, સુપ્રિયા શ્રીનેતે કહ્યું, દેશના લગભગ દરેક વ્યક્તિનું રેલવે સાથે જોડાણ છે. રેલ્વે એ ભારતની જીવાદોરી છે. તે પરિવહનનું સસ્તું માધ્યમ હતું અને લોકોને વિશ્વાસ હતો કે તેઓ તેમના ગંતવ્ય પર પહોંચી જશે. પરંતુ આજે મુસાફરોના મનમાં શંકા છે કે તેઓ કે તેમનું શરીર તેમના મુકામ સુધી પહોંચશે કે કેમ. આ રેકોર્ડ નરેન્દ્ર મોદી અને તેમની સરકાર દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો છે.

સુપ્રિયા શ્રીનેતે યાદ અપાવ્યું કે બરાબર એક વર્ષ પહેલા, જૂન ૨૦૨૩ માં, બાલાસોર ટ્રેન દુર્ઘટનામાં ૨૯૬ લોકો મૃત્યુ પામ્યા હતા અને ૯૦૦ થી વધુ ગંભીર રીતે ઘાયલ થયા હતા. હવે પશ્ચિમ બંગાળમાં ફરી એક ટ્રેન દુર્ઘટના થઈ છે, જેમાં ૧૫ લોકોના મોત થયા છે અને લગભગ ૪૦ લોકો ઘાયલ થયા છે. છેલ્લા દસ વર્ષમાં ૧,૧૧૭ રેલ્વે અકસ્માતો થયા છે જેમાં જાનમાલનું નુકસાન થયું છે. એટલે કે દર મહિને ૧૧ અકસ્માતો થયા. દર ત્રણ દિવસે એક અકસ્માત થતો હતો.

શ્રીનેતે કહ્યું, રેલ્વે મંત્રી થોડા સમય પહેલા આર્મર સિસ્ટમના ફાયદા સમજાવી રહ્યા હતા. ગઈકાલના અકસ્માતમાં બખ્તર ક્યાં ગયું? દસ વર્ષમાં રેલવે પરિવહનનું સૌથી અસુરક્ષિત માધ્યમ બની ગયું છે, તેનું કારણ એ છે કે નરેન્દ્ર મોદી અને તેમના મંત્રીઓને તેની પરવા નથી.

શ્રીનેતે કહ્યું કે, રેલવેમાં ૩.૧૨ લાખથી વધુ પોસ્ટ ખાલી છે. લોકો પાયલટની લગભગ ૨૦.૫ ટકા અને આસિસ્ટન્ટ લોકો પાયલટની ૭.૫ ટકા જગ્યાઓ ખાલી છે. લોકો પાયલોટ પર કામનું દબાણ છે, જે ભૂલો તરફ દોરી જાય છે.

ટ્રેનોની એટલી અછત છે કે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં વેઈટિંગ લિસ્ટમાં હોવાને કારણે ૨ કરોડ સિત્તેર લાખ મુસાફરો મુસાફરી કરી શક્યા નથી. શ્રીનેતે કહ્યું, ત્રણ-ચાર દિવસ પહેલા રેલ્વે મંત્રીએ કહ્યું હતું કે જે લોકો બિનઅનામત રીતે પ્રવેશ કરે છે તેમની સામે પોલીસ દળનો ઉપયોગ કરવો જોઈએ. મંત્રીજી, આરક્ષિત કમ્પાર્ટમેન્ટમાં પ્રવેશતા આ બિનઅનામત લોકો પોતાની મરજીથી શૌચાલયમાં બેસીને મુસાફરી કરતા નથી. સરકારે સ્લીપર અને સેકન્ડ ક્લાસ કોચને એસી કોચમાં રૂપાંતરિત કર્યા છે. લોકો પાસે છઝમાં ચાલવા માટે પૂરતા પૈસા નથી. આ સાથે પેસેન્જર ટ્રેનોની સંખ્યામાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. લોકો પર બળનો ઉપયોગ ન કરો, તમારી ભૂલ સુધારો.

તેમણે કહ્યું કે, રેલવેમાં અવમૂલ્યન અનામત ભંડોળ છે. જેમાં રેલવેની જૂની મિલકતોના નવીનીકરણની જોગવાઈ છે. વાસ્તવિકતા એ છે કે જ્યાં ૫૮,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવાના હતા ત્યાં માત્ર ૬૦૦ કરોડ રૂપિયા જ ખર્ચાયા. પરિવહનનું સૌથી ભરોસાપાત્ર માધ્યમ ગણાતી રેલવે આજે સતત મોડી દોડી રહી છે. અશ્વિની વૈષ્ણવના નાક નીચે રેલ્વે અસુરક્ષિત બની રહી છે.

શ્રીનેતે કહ્યું કે, ગયા વર્ષે બાલાસોર અકસ્માતથી લઈને આ વખતે પશ્ચિમ બંગાળમાં થયેલા અકસ્માત સુધી રેલ્વે મંત્રીએ રીલ બનાવવાને બદલે શું કામ કર્યું છે. અશ્વિની વૈષ્ણવ જેવી વ્યક્તિ પોતાના પદ પર ચાલુ રહે તે યોગ્ય નથી. વાસ્તવિકતા એ છે કે જે મંત્રીને તેમના પદ પરથી તાત્કાલિક દૂર કરવા જોઈતા હતા તેમને પ્રમોશન આપવામાં આવી રહ્યું છે.

# સરેરાશથી વધુ વરસાદની તૈયારી માટે સરદાર સરોવર ડેમમાંથી પાણી ખાલી કરવામાં આવશે

અમદાવાદ તા. ૧૯

મધ્ય પ્રદેશમાંથી નર્મદા જિલ્લામાં સરદાર સરોવર ડેમ પ્રોજેક્ટ (SSP)માં પાણીના સતત પ્રવાહ સાથે, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (SSNNL)એ ચોમાસાની તૈયારી કરવા માટે હાઈડ્રોપાવર ઉત્પન્ન SSP મધ્યપ્રદેશમાંથી સરેરાશ ૨૫,૦૦૦ ક્યુસેક પાણીનો પ્રવાહ પ્રાપ્ત કરી રહી છે, જ્યાં ઈન્દિરાસાગર અને ઓમકારેશ્વર ડેમ ચોમાસા પહેલા હાઈડ્રોપાવર ઉત્પન્ન કરી રહ્યા છે. સરદાર સરોવર ડેમનું ૧૨૦૦ મેગાવોટ રિવરબેડ પાવર હાઉસ (RBPH) પણ એપ્રિલથી કાર્યરત છે, જે કેનાલ હેડ પાવર હાઉસ (CHPH) સાથે સરેરાશ ૧.૨ કરોડ યુનિટ વીજળીનું ઉત્પાદન કરે છે, જેનું મૂલ્ય પ્રતિ દિવસ ૩ કરોડ રૂપિયા છે. લેવલ જાળવી રાખવા માટે ડેમમાંથી કુલ ૨૬,૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. વધુમાં, SSNNL સિંચાઈ અને પીવાના પાણીની માંગને પહોંચી વળવા માટે મુખ્ય નહેરમાં પણ પાણી છોડે છે.

SSNNLના ચીફ એન્જિનિયર આરજી કાનુન્ગોએ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે, ચોમાસા પહેલા ડેમનું સ્તર લગભગ ૧૧૫ મીટર સુધી નીચે લાવવામાં આવશે જેથી કરીને સરળ કામગીરી થાય. ડેમ હાલમાં ૧૨૨.૨૮ મીટર સ્થિતિમાં છે ચોમાસું નજીક આવી રહ્યું હોવાથી અને આગાહી સરેરાશથી વધુ વરસાદનું સૂચન કરે છે, અમારે વરસાદી પાણીનો ઉપયોગ કરવા માટે ડેમમાં પાણી નાખીને તૈયારી કરવી પડશે. તેથી, મધ્યપ્રદેશ બે મોટા ડેમ ઉપરવાસમાં અને ડેમને ડ્રેનેજ કરવા માટે હાઈડ્રોપાવરનું ઉત્પાદન કરી રહ્યું છે. RBPHના છ ફ્રાન્સિસ-પ્રકારના રિવર્સિબલ ટર્બાઈન જનરેટર્સને વારાફરતી ઓપરેટ કરીને પાવર જનરેટ કરીને SSPમાં પ્રાપ્ત થયેલા પ્રવાહને બહાર કાઢવામાં આવે છે. વીજ ઉત્પાદનથી સરકારને ફાયદો થશે અને નવા વરસાદી પાણીથી ડેમનું સ્તર નીચું લાવવામાં પણ મદદ મળશે. તેમણે ઉમેર્યું હતું કે, નર્મદા કંટ્રોલ ઓથોરિટી (NCA)ની સરદાર સરોવર જળાશય રેગ્યુલેશન કમિટી દ્વારા આપવામાં આવેલા સમયપત્રક મુજબ એપ્રિલથી RBPH મર્યાદિત ક્ષમતામાં કાર્યરત છે. અત્યાર સુધી, તેઓએ અમને સુરક્ષિત ભરવાની ખાતરી કરવા માટે ડેમમાંથી પાણી છોડવા માટે પાવરહાઉસનું સંચાલન ચાલુ રાખવા કહ્યું છે. અમે ફક્ત જૂન મહિનામાં છીએ અને જુલાઈમાં નવું જળ વર્ષ શરૂ થશે. આ સમયે, પાવર જનરેટ કરીને ડેમને ખાલી કરવો શ્રેષ્ઠ છે કારણ કે વરસાદની આગાહી સરેરાશ કરતા વધારે છે. RBPH ડાઉનસ્ટ્રીમમાં ૧૭,૫૨૯ ક્યુસેક પાણી છોડી રહ્યું છે, જ્યારે કેનાલ હેડ પાવરહાઉસ (CHPH) મુખ્ય કેનાલમાં ૮,૨૧૪ ક્યુસેક પાણી છોડે છે. હાલમાં, સરદાર સરોવર ડેમમાં ૫,૩૩૧.૦૬ મિલિયન ક્યુબિક મીટર (MCM)નો કુલ સંગ્રહ છે અને ૧,૬૩૧ MCM (૨૫.૬૭ ટકા)ના જીવંત સંગ્રહ સાથે ૫૭.૩૫ ટકા ભરેલો છે. પાણીના સ્તરના ૧૦૦ મીટર ઉપર, SSP તેના ડેડ સ્ટોરેજમાંથી ખેંચવાનું શરૂ કરે છે.



SSP સહિત ગુજરાતની ૨૦૭ જળ યોજનાઓમાં કુલ ૨૫,૩૧૩ MCMના કુલ સંગ્રહમાંથી, ઉપલબ્ધ કુલ સંગ્રહ ૩૯.૯૨ ટકાના દરે ૧૦,૧૦૯.૫૬ MCM છે, જે ગયાં વર્ષે ૧૩ જૂનના રોજ રાજ્યમાં ઉપલબ્ધ સંગ્રહની સરખામણીમાં ૬૦૨ MCMની ખાધમાં છે. ગુજરાત રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના આંકડા મુજબ ઉત્તર ગુજરાતના ડેમોમાં ૨૬.૯૧ ટકા પાણી હતું. ઉત્તર ગુજરાતના કુલ ૧૫ ડેમની કુલ સંગ્રહ ક્ષમતા ૧૯૨૯.૨૦ મિલિયન ક્યુબિક મીટર (MCM) છે, જેમાંથી વર્તમાન ગ્રોસ સ્ટોરેજ ૫૧૯.૦૭ MCM છે, જે ગયાં વર્ષે ૧૫ ડેમોમાં કુલ સંગ્રહની સરખામણીમાં ૨૫.૯૫ MCMની ખાધ છે. તેવી જ રીતે, મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૧,૦૨૫.૩૯ MCM સંગ્રહ સાથે ૪૩.૬૮ ટકા પાણીનો સંગ્રહ ઉપલબ્ધ છે. ગયાં વર્ષે ૧૩ જૂને મધ્ય ગુજરાતમાં ૧,૦૭૧ MCM પાણીનો સંગ્રહ હતો. કચ્છમાં, કુલ ૨૦ ડેમમાં હાલમાં ૭૫.૯૯ MCM ગ્રોસ સ્ટોરેજ ઉપર ૨૩.૩૬ ટકાનો સંગ્રહ છે, દક્ષિણ ગુજરાતમાં, ૧૩ ડેમ ૨,૦૮૫ MCM ગ્રોસ સ્ટોરેજ સાથે ૩૨.૬૦ ટકા સુધી ભરાયા છે, જે ગયા વર્ષ કરતાં ૩૦૧ MCM નીચો છે જ્યારે દક્ષિણ ગુજરાત ૧૩ જૂનના રોજ ડેમોમાં ૩,૧૦૭.૯૪ MCM સ્ટોરેજ નોંધાયો હતો. સૌરાષ્ટ્રમાં, ૧૪૧ ડેમમાં ૧૩.૨૮ ટકા ભરાઈને કુલ ૩૫૨.૮૫ MCM સ્ટોરેજ છે.

# ખોટા દસ્તાવેજોથી રાજકોટ અગ્નિકાંડને નકલીકાંડ સાબિત કરવા માંગતા બે અધિકારીઓના રિમાન્ડ મંજૂર

અમદાવાદ, તા.૧૯

રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડને નકલીકાંડ કરનારા બે અધિકારીની તાજેતરમાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. બંને દ્વારા ગેમઝોન દુર્ઘટના બાદ બચવા માટે ખોટા દસ્તાવેજો ઊભા કરવામાં આવ્યા હતા. બંનેએ TP શાખામાં ખોટું રજિસ્ટર બનાવ્યું હોવાનું સામે આવતા ટીમ દ્વારા પુરાવાઓ એકત્ર કરી તપાસ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત બંનેને ક્રાઈમ બ્રાન્ચથી કોર્ટમાં રિમાન્ડ માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં અદાલત સમક્ષ બંનેના ૭ દિવસના રિમાન્ડની માંગ કરવામાં આવી હતી. જો કે, કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. મળતી વિગત મુજબ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અગ્નિકાંડ મામલે તપાસનો દોર શરૂ છે. આ દરમ્યાન આરોપીઓએ અગ્નિકાંડના બીજા દિવસે પુરાવાનો નાશ કરી ખોટું રજિસ્ટર તૈયાર કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. જેમાં રાજકોટ મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગના વધુ બે આરોપીઓની સંડોવણી ખુલી હતી. પોલીસ તપાસમાં રાજેશ મકવાણાની વોર્ડ નંબર ૧૦માં જવાબદારી નહીં હોવા છતાં ગુનાના કામે સંડોવાયેલો હોવાનું સામે આવ્યું હતું. જેને લઈને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ATP રાજેશ મકવાણા અને જયદીપ ચૌધરીની ધરપકડ કરી લેવામાં આવી હતી. તેમજ બંનેને ૭ દિવસના રિમાન્ડની માંગ સાથે એ. એસ. ખંડેલવાલની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. અદાલત સમક્ષ એડિશનલ સ્પે. પીપી નિતેશ કથિરિયાએ જણાવ્યું હતું કે, ટાઉન પ્લાનિંગ વિભાગના આ બંને સહિત તમામ અધિકારી જાણતા હતા કે ગેરકાયદેસર બાંધકામ કાયદેસર થઈ શકે તેમ નથી. કારણ કે, GPMC-260(2)ની નોટિસ બાદ ગેર કાયદેસર બાંધકામને કાયદેસર કરી શકાતું નથી. આ ડિમોલેશનની નોટિસ બાદ બાંધકામને કાયદેસર કરવા માટે રેગ્યુલરાઈઝની અરજી પણ કરી શકાતી નથી. જો અરજદારને વાંધો હોય તો વહીવટી તંત્રની નોટિસ સામે સિવિલ કોર્ટમાં દાવો કરવો પડે છે. જેને લઈને આ અગ્નિકાંડ સર્જાયા બાદ ટાઉન પ્લાનિંગ વિભાગ સાથે સંકળાયેલા એમ. ડી. સાગઠિયા સહિતનાએ ઈમ્પેક્ટને લગતા ડોક્યુમેન્ટ્સ ઊભા કર્યા હતા. અગ્નિકાંડ બાદ બંને દ્વારા ખોટું રજિસ્ટર તૈયાર કરી પુરાવાનો નાશ કરવામાં આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ત્યારે આ કામગીરીમાં તેમની સાથે અન્ય કોની સંડોવણી છે ? તેમજ કોના કહેવાથી બંનેએ આ કામ કર્યું હતું ? તે સહિતના મુદ્દે પોલીસ દ્વારા તેઓની સઘન પૂછપરછ કરવામાં આવશે. આ માટે આરોપીઓનાં રિમાન્ડ મેળવવા પણ જરૂરી હોવાથી બંનેનાં ૭ દિવસનાં રિમાન્ડની માંગ કરવામાં આવી હતી. જો કે, અદાલતે ૫ દિવસ એટલે કે આગામી ૨૧ તારીખ સાંજના ૫ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગત રવિવારે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તત્કાલિન ટીપીઓ મનસુખ સાગઠિયા સામે વધુ એક પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. અગ્નિકાંડ ત્રીજા દિવસે એટલે કે, ૨૭.૫.૨૦૨૪ના રોજ સાગઠિયાએ ગર્ભીત ધમકી સાથે કડક સૂચના આપી પોલીસ તપાસને ગેરમાર્ગે દોરવા મિનિટ્સ બુકની ખોટી માહિતી દર્શાવી હોવાનું સામે આવ્યું હતું. હાલ રાજકોટ મનપાના ચાર અધિકારીઓ સહિત કુલ ૯ આરોપીઓ રાજકોટ મધ્યસ્થ જેલમાં બંધ છે. જ્યારે જમીન માલિક આરોપી અશોકસિંહ જાડેજા રિમાન્ડ ઉપર છે. ત્યારે પોલીસે વધુ બે અધિકારીની ધરપકડ કરી આ દુર્ઘટનાનાં મૂળ સુધી પહોંચવા તપાસ શરૂ કરી છે.

# પીડિતને વળતરની ચૂકવણી એ આરોપીની સજા ઘટાડવાનું કારણ બની શકે નહીં : સુપ્રીમ કોર્ટ



નવી દિલ્હી તા.૧૯

ફોજદારી કેસમાં પીડિતને વળતરની ચૂકવણીનો ઉદ્દેશ્ય, ગુના દ્વારા નુકસાન અથવા ઈજા પામેલા લોકોનું પુનર્વસન કરવાનો છે અને તે આરોપી ઉપર લાદવામાં આવેલી સજા ઘટાડવાનું કારણ બની શકે નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, જો વળતરની ચુકવણી સજા ઘટાડવા માટેનું કારણ બની જાય, તો તેની ફોજદારી ન્યાય વહીવટ ઉપર આપત્તિજનક અસર પડશે. CrPCની કલમ ૩૫૭ અદાલતને દોષિત ઠેરવવાનો ચુકાદો આપતી કરતી વખતે પીડિતોને વળતર આપવાનો અધિકાર આપે છે. ન્યાયમૂર્તિ જે બી પારડીવાલા અને મનોજ મિશ્રાની બેન્ચે જણાવ્યું હતું કે વળતરનો વિચાર પીડિતના સિદ્ધાંત ઉપર આધારિત છે જે એ વાસ્તવિકતાને માન્યતા આપે છે કે પીડિતો કમનસીબે ફોજદારી ન્યાય વિતરણ પ્રણાલીમાં ફસાઈ ગયેલા લોકો છે. પીડિત વળતરની ચૂકવણી એ આરોપી ઉપર લાદવામાં આવેલી સજા ઘટાડવા માટે વિચારણા અથવા આધાર હોઈ શકતી નથી કારણ કે પીડિત વળતર એ શિક્ષાત્મક માપદંડ નથી અને તેથી, જે સજા કરવામાં આવી છે તેની સાથે તેનો કોઈ સંબંધ નથી. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે ફોજદારી કાર્યવાહી સંહિતા (CrPC)ની કલમ ૩૫૭નો હેતુ પીડિતને ખાતરી આપવાનો છે કે તેમને ફોજદારી ન્યાય પ્રણાલીમાં તેઓને ભૂલવામાં આવ્યા નથી. તે એ આધાર ઉપર ગુનાઓ માટે એક રચનાત્મક અભિગમ છે કે ગુનેગારને માત્ર સજા કરવાથી પીડિત અથવા તેમના પરિવારને સાંત્વના મળી શકશે નહીં. જેમ કે, ભોગ બનનારને ચૂકવવામાં આવનાર વળતરનો નિર્ણય કરતી વખતે, કોર્ટ જે એક માત્ર પરિબળ ધ્યાનમાં લઈ શકે છે તે વળતર ચૂકવવાની દોષિતની ક્ષમતા છે, જે સજા લાદવામાં આવી છે તે નહીં. ફોજદારી કાર્યવાહીમાં અદાલતોએ પીડિતોને વળતર સાથે સજાને જોડવી જોઈએ નહીં. ગુજરાત હાઈકોર્ટના આદેશને પડકારતી રાજેન્દ્ર ભગવાનજી ઉમરાણીયા નામના વ્યક્તિ દ્વારા દાખલ કરાયેલી અરજીની સુનાવણી કરતી વખતે સર્વોચ્ચ અદાલતે આ અવલોકન કર્યું હતું. હાઈકોર્ટે ફોજદારી કેસમાં બે પુરૂષોને પાંચ વર્ષની સજાને ચાર વર્ષની કરી હતી. હાઈકોર્ટે એમ પણ કહ્યું હતું કે જો તેઓ પીડિતાને ૨.૫૦ લાખ રૂપિયા ચૂકવે તો દોષિતોને ચાર વર્ષની સજાની પણર જરૂર નથી. સર્વોચ્ચ અદાલતે નોંધ્યું કે આ ઘટનાને ૧૨ વર્ષ વીતી ગયા છે અને દોષિતોએ પહેલેથી જ ૫ લાખ રૂપિયા જમા કરાવ્યા છે. ખંડપીઠે કહ્યું કે, અમે તેમને ચાર વર્ષની વધુ સજા ભોગવવા માટે નિર્દેશ આપવા ઈચ્છતા નથી. જો કે, અમે દરેક પ્રતિવાદીને ટ્રાયલ કોર્ટ સમક્ષ અગાઉથી જમા કરાવેલ રકમ ઉપરાંત ૫ લાખ રૂપિયા, એટલે કે ૧૦ લાખ રૂપિયા જમા કરાવવાનો નિર્દેશ આપીએ છીએ.

# ધોરણ-૩થી ૮માં પ્રથમ સત્રમાં ૧૦૯, બીજા સત્રમાં ૧૩૯ દિવસનો અભ્યાસ

**ઓક્ટોબર-નવેમ્બરમાં પ્રથમ સત્રાંત કસોટી લેવાશે, એપ્રિલ-૨૦૨૫માં દ્વિતીય કસોટી : GCERT દ્વારા ધોરણ-૩થી ધોરણ ૮ માટેનું શૈક્ષણિક આયોજન નક્કી કરાયું**

અમદાવાદ,તા.૧૯

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં ૧૩ જૂનથી નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થતાં ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલિમ પરિષદ(GCERT) દ્વારા નવા શૈક્ષણિક વર્ષ માટેનું શૈક્ષણિક આયોજન નક્કી કરવામાં આવ્યું છે. જે અનુસાર પ્રાથમિક સ્કૂલોમાં પ્રથમ સત્રમાં ૧૦૯ અને બીજા સત્રમાં ૧૩૯ દિવસનો અભ્યાસ કરાવાશે. પ્રાથમિક સ્કૂલોમાં પ્રથમ સત્રાંત કસોટી ઓક્ટોબર-નવેમ્બરમાં યોજાશે. જ્યારે દ્વીતિય સત્રાંત કસોટી એપ્રિલમાં યોજવાનું આયોજન કરાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની તમામ સ્કૂલોમાં ૧૩ જૂનથી નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થયો છે. નવા વર્ષને લઈને GCERT દ્વારા ધોરણ-૩થી ૮ માટેનું ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમનું માસવાર શૈક્ષણિક આયોજન જાહેર કરવામાં આવ્યું છે. GCERT દ્વારા જાહેર કરાયેલા આયોજન મુજબ પ્રથમ સત્રમાં જૂન માસમાં અભ્યાસના ૧૪ દિવસો રાખવામાં આવ્યા છે. આ જ રીતે જુલાઈમાં ૨૬, ઓગસ્ટમાં ૨૪, સપ્ટેમ્બરમાં ૨૪, ઓક્ટોબરમાં ૨૧ દિવસનો અભ્યાસ કરાવાશે. જેથી પ્રથમ સત્રમાં ૧૦૯ અભ્યાસના દિવસો રહેશે. ઓક્ટોબર, નવેમ્બરમાં પ્રથમ સત્રાંત કસોટીનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ બીજા શૈક્ષણિક સત્રનો નવેમ્બરમાં પ્રારંભ થશે. જેમાં નવેમ્બરમાં અભ્યાસના ૧૨ દિવસો રહેશે. ડિસેમ્બર માસમાં ૨૫ દિવસ, જાન્યુઆરીમાં ૨૬, ફેબ્રુઆરીમાં ૨૪, માર્ચમાં ૨૫, એપ્રિલમાં ૨૪ અને મેમાં ૩ દિવસ મળી કુલ ૧૩૯ દિવસ રહેશે. આમ, પ્રથમ સત્રના ૧૦૯ અને બીજા સત્રના ૧૩૯ દિવસ મળી સમગ્ર વર્ષ દરમ્યાન શૈક્ષણિક કાર્યના ૨૪૮ દિવસો રહેશે. બીજા શૈક્ષણિક સત્રમાં એપ્રિલ માસમાં દ્વીતિય સત્રાંત કસોટી લેવાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. મે માસમાં અભ્યાસના ૩ દિવસો રાખવામાં આવ્યા છે. જેથી ૫ મે, ૨૦૨૫થી રાજ્યમાં ઉનાળું વેકેશનની જાહેરાત કરવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. રાજ્યમાં ૧૩ જૂનથી નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થયા બાદ જૂન માસમાં સૌપ્રથમ વિદ્યાર્થીઓને બ્રિજ કોર્ષના આધારે પુનરાવર્તન અને ઉપચારાત્મક કાર્ય કરાવવામાં આવશે. જૂન માસના ૧૪ દિવસમાં કામગીરી કરવામાં આવ્યા બાદ જૂલાઈ માસની શરૂઆત સાથે નવા ધોરણનો અભ્યાસક્રમ ચાલુ કરવામાં આવશે. આ ઉપરાંત એપ્રિલ-૨૦૨૫માં વિદ્યાર્થીઓને પુનરાવર્તન કરાવાશે. એપ્રિલ માસમાં દ્વીતીય સત્રાંત પરીક્ષાનું આયોજન કરાશે.

# રાજસ્થાનમાં MDH અને એવરેસ્ટના મસાલામાં અશુદ્ધિઓ હોવાની જાણકારી મળી, તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરાઈ

**એપ્રિલમાં હોંગકોંગે MDH દ્વારા ઉત્પાદિત ત્રણ અને એવરેસ્ટ દ્વારા ઉત્પાદિત મસાલાના મિશ્રણના વેચાણને સ્થગિત કરી દીધું હતું અને કહ્યું હતું કે, તેમાં કેન્સર પેદા કરતા જંતુનાશક ઈથિલિન ઓક્સાઈડ ઉચ્ચ માત્રામાં છે**




નવી દિલ્હી, તા.૧૯

ભારતના રાજસ્થાન રાજ્યે ફેડરલ સરકારને જણાવ્યું કે, તેમને લોકપ્રિય બ્રાન્ડ્સ MDH અને એવરેસ્ટના કેટલાક મસાલા પરીક્ષણો પછી વપરાશ માટે તેમાંથી 'અસુરક્ષિત' તત્ત્વો મળ્યા છે, મસાલામાંથી મળેલા દૂષણ માટે બ્રાન્ડ્સની સ્થાનિક અને વૈશ્વિક તપાસ તીવ્ર બની રહી છે. એપ્રિલમાં હોંગકોંગે એમડીએચ દ્વારા ઉત્પાદિત ત્રણ મસાલા મિશ્રણનું વેચાણ સ્થગિત કર્યું હતું અને એવરેસ્ટ દ્વારા ઉત્પન્ન કરાતાં એક મસાલાનું વેચાણ સ્થગિત કર્યું હતું, તેમણે જણાવ્યું હતું કે, તેમાં કેન્સર પેદા કરતા જંતુનાશક ઈથિલિન ઓક્સાઈડનું ઉચ્ચ સ્તર છે, જેના કારણે ભારત અને અન્ય બજારોમાં નિયમનકારો દ્વારા તપાસ શરૂ થઈ હતી.

સિંગાપોરે પણ એવરેસ્ટ મસાલાનો સ્થગિત કરવાનો આદેશ આપ્યો હતો અને ન્યુઝીલેન્ડ, યુનાઈટેડ સ્ટેટ્સ અને ઓસ્ટ્રેલિયાએ કહ્યું હતું કે, તેઓ આ મુદ્દાઓ ઉપર ધ્યાન આપી રહ્યા છે. બ્રિટને વિશ્વના સૌથી મોટા નિકાસકાર, ઉત્પાદક અને મસાલાના ઉપભોક્તા ભારતમાંથી પ્રવેશતા તમામ મસાલા ઉપર વધારાના નિયંત્રણો લાગુ કર્યા છે.

ઉત્તર-પશ્ચિમ રાજ્યના વરિષ્ઠ આરોગ્ય અધિકારી શુભ્ર સિંઘે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)ને લખેલા ખાનગી પત્ર મુજબ રાજસ્થાન રાજ્યએ ઘણા મસાલાના નમૂનાઓ તપાસ્યા અને તેમાં એવરેસ્ટ મસાલાના મિશ્રણનો એક બેચ અને MDHના બે ઉત્પાદકોમાંથી 'અસુરક્ષિત' તત્ત્વો મળ્યા હતા. MDH અને એવરેસ્ટ, જે ભારતની બે સૌથી લોકપ્રિય બ્રાન્ડ્સ છે. તેમણે કહ્યું કે, તેમની પ્રોડક્ટ્સ વપરાશ માટે સલામત છે. કંપનીઓએ રાજ્યના પત્ર પર ટિપ્પણી માટેની વિનંતીનો જવાબ આપ્યો ન હતો. આરોગ્ય માટેના વધારાના મુખ્ય સચિવ, શુભ્ર સિંઘે ગુજરાત અને હરિયાણાના રાજ્ય સત્તાવાળાઓ, જ્યાં MDH અને એવરેસ્ટ બેચ બનાવવામાં આવ્યા હતા, ત્યાં 'વિલંબ કર્યા વિના આ બાબતે પગલાં લેવાનું કહેવામાં આવવું જોઈએ.'

FSSAI અને સિંહે ટિપ્પણી માટેની વિનંતીઓનો જવાબ આપ્યો ન હતો. જ્યારે પત્રમાં તેમના તારણોની વિગતો આપવામાં આવી ન હતી, રાજસ્થાન રાજ્યના સત્તાવાળાઓએ ગયા અઠવાડિયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તેમણે દૂષણ તપાસવા માટે ૧૨,૦૦૦ કિલોગ્રામના વિવિધ મસાલાઓ જપ્ત કર્યા હતા અને સિંહે સંઘીય સંસ્થા અને રાજ્યોને જાણ કરતા પત્રો લખ્યા હતા. નિવેદનોમાં ઉમેરવામાં આવ્યું કે, રાજસ્થાને મે મહિનામાં મસાલાના ડઝનેક નમૂનાઓ એકત્ર કર્યા હતા અને જાણવા મળ્યું હતું કે, કેટલાક મસાલામાં જંતુનાશકોનું 'ખૂબ જ ઉચ્ચ સ્તર' છે. MDH અને એવરેસ્ટ મસાલા ભારતમાં સૌથી વધુ લોકપ્રિય છે અને યુરોપ, એશિયા અને ઉત્તર અમેરિકામાં પણ વેચાય છે. ઝિઓન માર્કેટ રિસર્ચ અનુસાર ૨૦૨૨માં ભારતના મસાલા માટેના સ્થાનિક બજારનું મૂલ્ય ૧૦૪૪ કરોડ ડોલર હતું.

# રાજ્યની વિવિધ ગ્રાહક અદાલતોમાં ખાલી જગ્યાઓ ભરવા માટે જાહેરહિતની અરજી

અમદાવાદ, તા.૧૯

ગુજરાત રાજયમાં વિવિધ જિલ્લાઓમાં જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ખાલી પડેલી જગ્યાઓ તેમ જ ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ પંચમાં ખાલી પડેલી પ્રમુખ અને મેમ્બર્સની જગ્યાઓ ભરવા માટે એક જાહેરહિતની રિટ અરજીની પ્રાથમિક સુનાવણી બાદ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે આ સમગ્ર મામલે રાજય સરકારનો જવાબ માંગ્યો છે. હાઈકોર્ટે આ ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા શું પગલાં લેવાયા તેનો ખુલાસો કરતું સોગદંનામું રજૂ કરવા પણ સરકારપક્ષને નિર્દેશ કર્યો હતો. તાજેતરમાં થયેલી સુનાવણીમાં જાહેરહિતની રિટ અરજીમાં રજૂઆત કરાઈ હતી કે, રાજ્યના જુદા-જુદા જિલ્લાઓમાં જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન અને ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ પંચમાં ખાલી પડેલી જગ્યાઓના કારણે ત્યાંની ન્યાયિક કામગીરીને સીધી અસર થઈ રહી છે. ખાસ કરીને ગ્રાહક પક્ષકારો ન્યાયની સેવાથી વંચિત થઈ રહ્યા છે. અરજદારપક્ષ તરફથી હાઈકોર્ટનું ધ્યાન દોરાયું કે, રાજયમાં વિવિધ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમીશનોમાં ૪૯ જેટલા મેમ્બર્સ અને ૨૦ જેટલા પ્રેસીડેન્ટ્સની જગ્યાઓ ખાલી છે. તો, ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં પ્રેસીડેન્ટની મહત્ત્વની જગ્યા ખાલી છે. સરકાર દ્વારા કેટલી જગ્યાએ વચગાળાના ભાગરૂપે જે લોકો પદ ઉપર ચાલુ છે, તેમને ચાલુ રખાયા છે. પરંતુ નિયમિત નિમણૂંકો કરાઇ નથી, જેના કારણે જિલ્લા ગ્રાહક કોર્ટો અને સ્ટેટ કમીશનમાં કોર્ટ કામગીરી ખોરંભે પડી રહી છે આ સંજોગોમાં સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે રાજયના વિવિધ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનો અને સ્ટેટ કમિશનમાં ખાલી પડેલી તમામ જગ્યાઓ ઉપર તાત્કાલિક ધોરણે નિમણૂક કરવામાં આવે તેવી પણ પીઆઈએલમાં અરજદારપક્ષ તરફથી દાદ મંગાઈ હતી. તમામ રજૂઆત સાભળ્યા બાદ હાઈકોર્ટે ઉપરમુજબ નિર્દેશ કરી કેસની વધુ સુનાવણી તા.૨૧મી જૂનના રોજ મુકરર કરી હતી.

**ફલેટ વેંચવાનો છે**

જૂનાગઢનાં જગમાલ ચોક નજીક કાજીવાડા વિસ્તારમાં 2 BHK ફલેટ વેંચવાનો છે ફિકસ ફર્નીચર સાથે લીફટની સુવિધા છે

મો. ૯૮૨૪૫ ૯૨૫૫૯

# શું સૌરાષ્ટ્ર-કચ્છનો સાગર કિનારો ડ્રગ્સનો જથ્થો સંગ્રહ કરવાનું વેર હાઉસ બન્યો છે?

## સૌરાષ્ટ્ર અને કચ્છના મચ્છીમારી બંદરો આસપાસથી એક સપ્તાહમાં સો કરોડ રૂપિયાનું ચરસ બિનવારસુ મળ્યું!

## મચ્છીમારીની સીઝન બંધ હોવા છતાં દ્વારકા અને જખૌ આસપાસના સમુદ્ર કિનારા પાસેથી મળ્યો ચરસનો જથ્થો?

(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા તા. ૧૯

છેલ્લા ૨૫ વર્ષથી સૌરાષ્ટ્ર અને કચ્છના અખાતમાં વિકસેલા મચ્છીમારીના વ્યવસાય સાથે આ મચ્છીમારી બોટો (આઈ.બી.એલ.)ભારત- પાક જળ સીમા સુધી જવા લાગતા પાકની નાપાક (એમ.એસ.એ.) મેરીટાઈમ સિક્યુરિટી એજન્સી દ્વારા જળ સીમાનો ભંગ કરવા અંગે આપણા મચ્છીમારો અને તેમની બોટને પકડવાનું ચાલુ કર્યા બાદ આ માચ્છીમારો સાથે પાક જેલમાં રહેલા આંતરરાટ્રીય ગુન્હેગારો અને પૂછપરછ કરવા માટે આવતી અલગ અલગ તપાસનીસ એજન્સી દ્વારા ભારતીય માછીમારો સાથે ઘરોબો કેળવી તેમને મચ્છીમારીના વ્યવસાય બદલે મચ્છીમારોના સ્વાંગમાં દેશદ્રોહી પ્રવૃત્તિમાં જોડાવાનું ચાલુ કરી છેલ્લા વીસ વર્ષથી કચ્છના અખાતને આંતરરાટ્રીય દેશદ્રોહી તત્વોનું એ.પી.સેન્ટર બનાવ્યા બાદ કચ્છના અખાતમાં દેશ વિરોધી પ્રવૃત્તિ ચાલુ થયાનું ખુદ સરકારી તંત્રના રેકર્ડ પર નોંધાયેલ છે.

જેના પરિણામ સ્વરૂપે ગત તા.૨૬-૧૧-૨૦૦૮ ના આપણાં જ મચ્છીમારો અને તેમની 'કુબેર' બોટનો દુરૂપયોગ કરી ઈતિહાસનો સૌથી મોટો આતંકવાદી હુમલો કરવામાં આવ્યો હતો અને તેની સફળતામાં કચ્છના અખાતના મચ્છિમારો સાથેના સંપર્કો અને સ્લીપરસેલના નેટવર્ક અને કચ્છના અખાતની અટપટી કુદરતી રચનાની જાણકારીના કારણે મળેલ સફળતા બાદ કચ્છના અખાતથી સંપૂર્ણ વાકેફ થયેલ પાક મેરી ટાઈમ બોર્ડ દ્વારા કચ્છના અખાતને 'ગેટ વે ઓફ ઈન્ટરનેશલ ડ્રગ્સ માફિયા' બનાવવાની ઓપરેન્ડી ચાલુ કરી છેલ્લા ૧૫ વર્ષથી અફઘાનિસ્તાન વાયા પાકિસ્તાન આંતરરાટ્રીય ડ્રગ્સનું કેન્દ્ર બનાવી દર વર્ષે હજારો કરોડ રૂપિયાનો ડ્રગ્સનો જથ્થો મચ્છીમારી બોટો દ્વારા કોઈપણ પ્રકારે ઘુસાડવાની પ્રવૃતિ ચાલુ કર્યા બાદ હવે આ ડ્રગ્સનો જથ્થો સૌરાષ્ટ્રના મચ્છીમારી બંદર આસપાસ સ્ટોરેજ કરવા માટેનું વેર હાઉસ ખોલવામાં આવ્યું હોય તેમ છેલ્લા એક સપ્તાહ દરમ્યાન જુદા જુદા સમયે અને જુદા જુદા કુલ ૧૦ થી વધુ સ્થળો પરથી આશરે ૧૦૦ કરોડ રૂપિયાનો ચરસનો જથ્થો પોલીસ, બી.એસ.એફ દ્વારા બિનવારસુ પકડી પાડવામાં આવેલ છે. જે ઉપરોક્ત હકીકતોને સમર્થન આપે છે. ત્યારે પ્રશ્ન તે ઉપસ્થિત થાય છે કે હાલમાં મતલબ ૧લી જૂનથી ૩૧ જુલાઈ સુધી માછલીનો પ્રજનન સમય હોય અને અરબી સમુદ્ર તોફાની રહેતો હોય મત્સોદ્યોગ ખાતા દ્વારા મચ્છીમારીના વ્યવસાયને પ્રતિબંધિત કરી બંધ કરાવવામાં આવે છે. પરંતુ ગરીબ મરછીમરોને રોજગારી માટે 'પગડિયા લાયસન્સ'ના નામે સમુદ્ર કિનારા પર મચ્છીમારી કરવાના લાયસન્સ આપવામાં આવે છે. જેના કારણે આ મચ્છીમારોની ચહલ પહલ સમુદ્રની અંદરના બદલે સમુદ્ર કિનારા પર વધુ રહેતી હોય અને આગળના સબંધોને ધ્યાને લઈ દેશદ્રોહી માછીમારો દ્વારા આ પગડીયા લાયસન્સ હેઠળ લાયસન્સ મેળવી સૌરાષ્ટ્ર કચ્છના સાગર કિનારાને ડ્રગ્સ સ્ટોરેજનું વેર હાઉસ બનાવ્યાનું નકારી શકાતું નથી. જે માટે આ ડ્રગ્સની ડીલવરી કરવા માટે કચ્છના અખાતમાં આપણી કોઈ બોટો જતી ના હોય પાકની બોટ કિનારા સુધી આવી જ્યાં ત્યાં થોડો થોડો ડ્રગ્સનો જથ્થો કિનારા પાસે સમુદ્રમાં ફેંકી ચાલ્યા જાય છે અને ત્યાંથી તેની સ્થાનિક પેન્ડલરો ડીલવરી લઈ ત્યાં કિનારા પાસેજ છુપાવતા હોય અને સમયસર તેની ડીલવરી ના થતાં અને સમુદ્રના તોફાની મોજના કારણે આ ડ્રગ્સનો જથ્થો જ્યાં સંગ્રહ કરવામાં આવ્યો હોય તે સમુદ્રની રેતી માંથી બહાર નીકળી પકડતો હોવાનું નકારી શકાતું નથી. ત્યારે હવે 'સરકાર આપને દ્વાર'ના સરકારી કાર્યક્રમ મુજબ 'ડ્રગ્સ આપને દ્વાર' જેવી પરિસ્થિતિ આવનારા દિવસોમાં જોવા મળે તો નવાઈ પામવા જેવું કંઈ નહિ હોય તેવું જાણકારોમાં ચર્ચાઈ રહેલ છે.

# ઉનાનાં કાણકબરડા ગામની સીમમાંથી ઈંગ્લીશ દારૂ સાથે બે શખ્સ ઝડપાયા



(પ્રતિનિધિ દ્વારા) ઉના, તા.૧૯

ઉનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન.રાણાની સૂચનાથી સર્વેલન્સ સકવોડના પી.એસ.આઈ. આર.પી. જાદવ, એ.એસ.આઈ. ધર્મેન્દ્રસિંહ પરમાર, જારૂભા મકવાણા, પોલીસ હેડ કોન્સ્ટેબલ નાનજીભાઈ ચારણિયા, શાંતિલાલ સોલંકી, હરપાલસિંહ ચુડાસમા, વિજયભાઈ ચોહાણ, વિજયભાઈ રામ, અનિલભાઈ જાદવ, રાહુલભાઈ છેલના પેટ્રોલીંગમાં હતા ત્યારે તેમને બાતમી મળતા ઊના તાલુકાના કાણકબરડા ગામની સીમમાં આવેલ સામતેર ગામના નિલેશ જયસુખભાઈ ગોસ્વામીની વાડીમાં દારૂનો મોટો જથ્થો હોવાની બાતમી આધારે રેડ કરતા નિલેશ જયસુખભાઈ ગોસ્વામી અને જગુભાઈ ધીરૂભાઈ ખસિયા રે. ઉમેજ તા. ઊના વાળાના કબજામાં વાડીમાં રાખેલ ઉપર પ્રાંતની ઈંગ્લિશ દારૂની જુદી જુદી બ્રાન્ડની બોટલો નગ ૩૦૫ અને એક મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧ લાખ ૧૬૮૦ની કિંમતનો મુદામાલ કબજે કરી ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી અને આ ગુનામાં નવલસિંહ ઘેલુભા વાળા રે. ઉમેજ તા. ઊના પણ સંડોવાયેલ હોય તેનું નામ આરોપી તરીકે નોંધી પકડવા તજવીજ શરૂ કરી છે.

### શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ ઉનાનું ગૌરવ

## હિમાચલ ખાતે નેશનલ કરાટે સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો



(નિરવ ગઢીયા દ્વારા) ઉના, તા.૧૯

ઉનામાં ભાવનગર રોડ ઉપર આવેલ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળમાં ધો.૩ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી બાંભણીયા રિધમ વિપુલભાઈ હિમાચલ પ્રદેશ ખાતે નેશનલ કરાટે સ્પર્ધામાં ગોલ્ડ મેડલ અને સન્માનપત્ર મેળવી પોતાના માતા-પિતા તથા શાળાનું નામ રોશન કરેલ છે.ગુરૂકુળ દ્વારા સંસ્થાના પ્રમુખ પ.પૂ.શાસ્ત્રી સ્વામી માધવદાસજી સ્વામીએ સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા અને શાળાના ટ્રસ્ટીઓ,આચાર્ય અને શિક્ષકોએ અભિનંદન પાઠવ્યા હતા.

# કેસર કેરીનાં બાગાયતકારોને તેમનાં બગીચાનું નવીનીકરણ કરવાની અનેરી તક

### આઈ ખેડુત પોર્ટલ ઉપર જુદા-જુદા બાગાયત પાકોની કલ્યાણકારી યોજના અન્વયે ૩૦/૬ સુધી અરજી કરી શકાશે

જૂનાગઢ, તા.૧૯

બાગાયત વિભાગ દ્વારા ખેડૂતો માટે કલ્યાણકારી યોજના અન્વયે જણાવવાનું કે બાગાયત કૃષિ કે જેમાં આંબા, જામફળ, ચીકુ, લીંબુના વાવેતર માટે બીજા અને ત્રીજા વર્ષની સહાય માટે તથા નાળિયેરી વાવેતર વિસ્તાર સહાય માટે બીજા વર્ષની સહાય માટે જરૂરી સાધનિક કાગળ જેમ કે તાજેતરના ૭-૧૨, ૮-અ, તલાટી મંત્રીનો દાખલો, આધારકાર્ડ, બેંક પાસબુક ની નકલ, રદ થયેલ ચેક અને રાસાયણિક ખાતર તથા દવાના બિલ જેવા જરૂરી સાધનિક દસ્તાવેજોની નકલ નાયબ બાગાયત નિયામકશ્રી કચેરી, લઘુકૃષિભવન, નિલમબાગ, તાલુકા સેવાસદનની બાજુમાં, જૂનાગઢના સરનામે તા.૩૦/૬/૨૦૨૪ સુધીમાં રૂબરૂ જમા કરાવવાની રહેશે. આ અંગેની વધુ વિગતો માટે બાગાયત કચેરીનો (૦૨૮૫) ૨૬૩૫૦૧૯ મા સંપર્ક કરવો, તા. ૩૦ જૂન પછી આવી કોઈપણ જાતની અરજીઓ સ્વીકારવામાં આવશે નહી.

### પીએમ શ્રી પ્રવાસન હવાઈ સેવા"વિકાસનો નવો આયામ

# સરકારના સહયોગ અને ફલાયઓલા દ્વારા સંચાલિત એર ટેક્ષી સર્વિસ એમ.પી.માં શરૂ કરવામાં આવી

મધ્યપ્રદેશ,તા.૧૯

મધ્યપ્રદેશ સરકાર અને મધ્યપ્રદેશ ટૂરિઝમ બોર્ડના સહયોગથી, અને ફલાયઓલા દ્વારા સંચાલિત, રાજ્યમાં પીએમ શ્રી પ્રવાસન હવાઈ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો છે. રાજ્યમાં હવે સામાન્ય નાગરીક અને પ્રવાસીઓ રાજયના પ્રવાસન સ્થળો અને મહાનગરોની સીધી મુલાકાત એર સર્વિસના માધ્યમથી કરી શકશે. રાજય સરકાર દ્વારા ઉજ્જૈન, જબલપુર, ઈન્દોર, રીવા, ગ્વાલિયર, ખજુરાહો, સિંગરૌલી, ભોપાલ માટે સીધી એર ટેક્ષી સર્વિસ શરૂ કરવામાં આવી છે.

ઓમકારેશ્વર અને મહાકાલેશ્વર બંને જ્યોતિર્લિંગ ને હવાઈ સેવા સાથે જોડવાના પ્રયાસો પણ કરવામાં આવશે. ઓરછા, સલ્કનપુર, કટની અને દતિયા જેવા ધાર્મિક સ્થળોને પણ એર કનેક્ટિવિટીથી જોડવામાં આવશે.રીવા શહેરને અઠવાડિયાના સોમવાર અને ગુરુવારે ઈન્દોર, જબલપુર અને ભોપાલ સાથે જોડવામાં આવી રહ્યું છે. ગ્વાલિયર શહેરને અઠવાડિયામાં બે દિવસ મંગળવારે ઈન્દોર, ભોપાલ અને ઉજ્જૈન સાથે અને શનિવારે ભોપાલ સાથે જોડવામાં આવી રહ્યું છે.

ઉજ્જૈન શહેરને અઠવાડિયામાં ત્રણ દિવસ મંગળવારે ઈન્દોર, ભોપાલ, ગ્વાલિયર સાથે, બુધવારે ઈન્દોર, ભોપાલ, જબલપુર અને રવિવારે ઈન્દોર, ભોપાલને જોડવામાં આવી રહ્યા છે. ખજુરાહો શહેરને સપ્તાહમાં એક વખત શુક્રવારે ભોપાલ અને જબલપુર સાથે જોડવામાં આવી રહ્યું છે. રાજયના પ્રવાસનને પાંખો આપવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવેલી એર ટેકસી સેવાનું ભાડું પોસાય તેવું હશે.

મુખ્ય પ્રધાન ડૉ. મોહન યાદવે જણાવ્યું છે કે અમારા પ્રતિષ્ઠિત વડા પ્રધાનને સમર્પિત "પીએમ શ્રી પ્રવાસન હવાઈ સેવા"થી રાજ્યમાં પ્રવાસનની સાથે ઉદ્યોગ, વેપાર, શિક્ષણ અને તબીબી ક્ષેત્રોને પણ લાભ થશે. રાજ્યમાં વધી રહેલી એર કનેક્ટિવિટીનો લાભ તમામ ક્ષેત્રોને મળશે અને રાજ્યના વિકાસને નવા આયામો મળશે.

મુખ્યમંત્રી ડો. યાદવે કહ્યું કે મધ્યપ્રદેશનો ભૌગોલિક વિસ્તાર યુરોપના ઘણા દેશો કરતા વધુ છે, વસ્તીની દ્રષ્ટિએ પણ આપણું રાજ્ય ઘણા દેશો કરતા મોટું છે. આ સંદર્ભમાં, રાજ્યમાં હવાઈ સેવા શરૂ થવાથી રોડ અને રેલ દ્વારા લેવામાં આવતા પરંપરાગત મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો થશે. રાજ્યના અંતરિયાળ રેવા-સિંગરૌલી પ્રદેશમાંથી વાહનવ્યવહાર સરળ બનશે અને સમય પણ ઓછો લાગશે.

"પીએમ શ્રી પ્રવાસન હવાઈ સેવા" ના સંચાલનના ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી ડૉ. યાદવે ભોપાલ એરપોર્ટ પર સ્થિત સેવાના ટિકિટ બુકિંગ કાઉન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું અને મુસાફરોને બોર્ડિંગ પાસ આપ્યા. મુખ્યમંત્રી ડો.યાદવે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના સહયોગથી ખજુરાહોમાં દેશની પ્રથમ હેલિકોપ્ટર પાયલટ ટ્રેનિંગ સ્કૂલ શરૂ કરવામાં આવી છે. રાજ્ય સરકાર એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરશે કે જ્યાં પણ એરસ્ટ્રીપ હશે, ત્યાં પાયલોટ તાલીમ સંસ્થાઓ અને નજીકની યુનિવર્સિટીઓ દ્વારા ડિગ્રી અને ડિપ્લોમા કોર્સ શરૂ કરવામાં આવશે. આ પહેલ રાજ્યમાં રોજગારલક્ષી શિક્ષણને પ્રોત્સાહિત કરશે અને રોકાણ પણ આકર્ષિત કરશે. હવાઈ સેવા સમગ્ર રાજ્યમાં પરિવહનને સરળ બનાવશે.

અગ્ર સચિવ પ્રવાસન અને સંસ્કૃતિ શિવ શેખર શુક્લાએ જણાવ્યું હતું કે "પીએમ શ્રી પ્રવાસન હવાઈ સેવા" પ્રવાસન ક્ષેત્રની સાથે ઉદ્યોગ, વેપાર, આરોગ્ય, શિક્ષણ, સંસ્કૃતિ અને કલાને પ્રોત્સાહન આપવા માટે મદદરૂપ થશે. મુખ્યમંત્રી ડો. યાદવના નેતૃત્વમાં આગામી સમયમાં અન્ય શહેરોમાં પણ આ સેવાનો વિસ્તાર કરવામાં આવશે.

# NEET પેપર લીકના આરોપીની બિહાર પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી

### લોકોને NHAIના એક જ ઈન્સ્પેક્શન બંગલામાં રહેવાની વ્યવસ્થા કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવીદિલ્હી,તા.૧૯

NEET પેપર લીક મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. NEET પેપર લીકના આરોપી ઉમેદવારની બિહાર પોલીસના ઈકોનોમિક ઓફેન્સ યુનિટ (EOU) દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. NHAI ના ઈન્સ્પેક્શન બંગલામાં તેના નામે એક રૂમ બુક કરવામાં આવ્યો હતો, તે જ જગ્યાએથી આરોપીને નિર્ધારિત 'સેફ હાઉસ'માં લઈ જવામાં આવ્યો હતો અને તેને NEETનું પ્રશ્નપત્ર આપવામાં આવ્યું હતું અને જવાબો યાદ કરવામાં આવ્યા હતા.આજ તકની ટીમ NHAIના ઈન્સ્પેક્શન બંગલામાં ગઈ અને એન્ટ્રી રજિસ્ટર ચેક કર્યું, જેમાં ચેક અનુરાગ યાદવના નામે હતો. અનુરાગ યાદવ જુનિયર એન્જિનિયર સિકંદર પ્રસાદ યાદવેન્દુનો સંબંધી છે, જે NEET પેપર લીક કેસના મુખ્ય આરોપી છે અને તે NEET ના ઉમેદવાર પણ છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપી જુનિયર એન્જિનિયર સિકંદરે અનુરાગ સહિત ઘણા લોકોને NHAIના એક જ ઈન્સ્પેક્શન બંગલામાં રહેવાની વ્યવસ્થા કરી હતી. બાદમાં, આ લોકોને અહીંથી બાકીના ૩૦ થી વધુ ઉમેદવારો માટે તૈયાર કરાયેલા 'સેફ હાઉસ' (જ્યાં જવાબો યાદ રાખવામાં આવ્યા હતા) લઈ જવામાં આવ્યા હતા.

તેમણે કહ્યું કે EOUએ તપાસમાં જોડાવા માટે નવ ઉમેદવારો (સાત બિહાર અને ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી એક-એક)ને પણ નોટિસ પાઠવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, એવી શંકા છે કે આ ૯ ઉમેદવારો સાથે બિહારના અન્ય ચાર પરીક્ષાર્થીઓ (જેની EOU દ્વારા ધરપકડ કરવામાં આવી છે) ને NEET પરીક્ષાના એક દિવસ પહેલા પટના નજીકના 'સેફ હાઉસ'માં રાખવામાં આવ્યા હતા અને જવાબો યાદ કરવામાં આવી રહ્યા હતા.

બિહાર પોલીસને પેપર લીક કેસમાં સિકંદર નામના વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓએ ઘણા સેન્ટરો અને સેફ હાઉસમાં પેપર સોલ્વર લગાવ્યા હતા. તેમની પાસે પહેલાથી જ પ્રશ્નપત્રો હતા. અખિલેશ અને બિટ્ટુ સાથે જુનિયર એન્જિનિયર સિકંદર પ્રસાદ યાદવેન્દુની બેઈલી રોડ પર રાજવંશી નગર વળાંક પર નિયમિત તપાસ દરમિયાન શાસ્ત્રી નગર પોલીસે ધરપકડ કરી હતી. અત્યાર સુધીની તપાસમાં સામે આવ્યું છે કે જુનિયર એન્જિનિયર સિકંદરે પેપર લીક કરવાનું સમગ્ર કાવતરું ઘડ્યું હતું. તેમની પાસેથી ઘણા NEET એડમિટ કાર્ડ મળી આવ્યા હતા. યાદવેન્દુ દ્વારા આપવામાં આવેલા ઈનપુટના આધારે દરોડા બાદ આયુષ, અમિત અને નીતીશની ધરપકડ કરવામાં આવી હતી. આ પછી બિહારના નાલંદાના સંજીવ સિંહની પણ પેપર લીક મામલે ધરપકડ કરવામાં આવી હતી.EOUના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (ડીઆઈજી) માનવજીત સિંહ ધિલ્લોને જણાવ્યું હતું કે, "તપાસ દરમિયાન, EOU અધિકારીઓએ છ પોસ્ટ-ડેટેડ ચેકો પાછા મેળવ્યા હતા, જે ગુનેગારોની તરફેણમાં જારી કરવામાં આવ્યા હતા, જેમણે પરીક્ષા પહેલા ઉમેદવારોને કથિત રીતે પ્રશ્નપત્રો વિતરિત કર્યા હતા " તેમણે કહ્યું કે તપાસકર્તાઓ સંબંધિત બેંકોમાંથી ખાતાધારકોની માહિતી એકત્ર કરી રહ્યા છે. કથિત NEET-UG ૨૦૨૪ પેપર લીક કેસમાં EOUએ અત્યાર સુધીમાં ચાર પરીક્ષાર્થીઓ અને તેમના પરિવારના સભ્યો સહિત ૧૩ લોકોની ધરપકડ કરી છે. તમામ આરોપીઓ બિહારના છે.

તમને જણાવી દઈએ કે NEET-UG ૨૦૨૪નું પરિણામ ૪ જૂને જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર થતાંની સાથે જ હોબાળો થયો હતો, જેમાં ઘણા વિદ્યાર્થીઓએ વિસંગતતાનો આક્ષેપ કર્યો હતો. કથિત પેપર લીક અને પરીક્ષાની અખંડિતતા અંગેની ચિંતાઓને કારણે, ઉમેદવારોના એક જૂથે નવી પરીક્ષાની માંગણી સાથે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. પેપર લીક અને પરીક્ષા રદ કરવાની માંગ કરતી અરજીઓની સુનાવણી ૮મી જુલાઈએ થવાની છે.

# નરેન્દ્ર મોદીનો મન કી બાત કાર્યક્રમ ૩૦ જૂને ફરી શરૂ થશે

નવી દિલ્હી,તા.૧૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચૂંટણીના કારણે ટૂંકા વિરામ બાદ ઓલ ઈન્ડિયા રેડિયો પર મન કી બાત કાર્યક્રમના આગામી એપિસોડ વિશે ખુશી વ્યક્ત કરી હતી. તેમણે માહિતી આપી હતી કે, આ મહિનાનો મન કી બાત કાર્યક્રમ ૩૦ જૂન, રવિવારના રોજ નક્કી કરવામાં આવ્યો છે. PM નરેન્દ્ર મોદીએ લોકોને MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખીને અથવા ૧૮૦૦ ૧૧ ૭૮૦૦ પર સંદેશ રેકોર્ડ કરીને મન કી બાતના ૧૧૧મા એપિસોડ માટે તેમના વિચારો અને ઈનપુટ્સ શેર કરવા વિનંતી કરી. મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં કહ્યું: "ચૂંટણીના કારણે થોડા મહિનાના અંતરાલ પછી, #MannKiBaat પાછી આવી છે તે જણાવતા આનંદ થાય છે! આ મહિનાનો કાર્યક્રમ ૩૦મી જૂન, રવિવારના રોજ થશે. હું તમને બધાને તેના માટે તમારા વિચારો અને ઈનપુટ્સ શેર કરવા માટે આહ્વાન કરું છું. MyGov ઓપન ફોરમ, NaMo એપ પર લખો અથવા તમારો સંદેશ ૧૮૦૦ ૧૧ ૭૮૦૦ પર રેકોર્ડ કરો." મોદી સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે ચૂંટાયા બાદ આ એપિસોડ પ્રસારિત થનાર પ્રથમ હશે. પીએમ મોદીના ઓફિશિયલ પેજ પરથી કહેવામાં આવ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ જૂન, રવિવારે 'મન કી બાત' શેર કરશે. મન કી બાત કાર્યક્રમ ઓલ ઈન્ડિયા રેડિયો અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, ઓલ ઈન્ડિયા રેડિયો ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. ઓલ ઈન્ડિયા રેડિયો, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે. ઓલ ઈન્ડિયા રેડિયો હિન્દી પ્રસારણ પછી તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમોનું પ્રસારણ કરશે.



આ ઉનાળાની ગરમીથી બચવા ચાલોને એક વિદેશ પ્રવાસ કરી આવીએ.!




છોકરાવની ફી ભરવા માટે લોન મળશે..?

# લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં ૨૦૧૯ની સરખામણીએ રાજકોટ જીલ્લા ભાજપ સંગઠનની યશસ્વી કામગીરી, જીલ્લાના ૮૫% બુથોમાં ભાજપને સરસાઈ

**વિપરીત પરિસ્થિતિ અને વિષમ સંજોગો તેમજ અનેક પડકારો વચ્ચે જીલ્લાના ૧૪૩૮ બુથો પૈકી ૧૨૦૫માં લીડ તથા ૨૦૧૯માં ખાધ ગયેલા ૫૧૭ બુથોમાંથી ૨૮૪ બુથોમાં અભૂતપૂર્વ રીકવરી**







(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૯

દેશના આદરણીય પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીજીના સ્વપ્રનું વિકસિત ભારત બનાવવા માટેના રાષ્ટ્રસેવાના યજ્ઞમાં ભારતીય જનતા પાર્ટી રાજકોટ જીલ્લો સંકલ્પબદ્ધ અને સતત કાર્યરત છે જેની પ્રતીતિ ગત લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં થઈ છે. રાજકોટ જીલ્લા ભાજપનું સંગઠન વેગવંતુ બન્યું છે. જેની ઝલક ગત ૧ વર્ષના જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાના કાર્યકાળમાં થયેલા કાર્યક્રમોમાં જોવા મળે છે. જેમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા આપવામાં આવેલા દરેક કાર્યક્રમોમાં રાજકોટ જીલ્લો અવ્વલ નંબરે રહ્યો છે. જેમાં બુથ સશક્તિકરણ, મન કી બાત, લાભાર્થી સંપર્ક અભિયાન, ઘર ઘર સંપર્ક અભિયાન, વિકસિત ભારત સંકલ્પ યાત્રા જેવા અનેક કાર્યક્રમોમાં જીલ્લાનું સંગઠન મોખરે રહ્યું છે. અને વિક્રમજનક આયામો સંગઠનાત્મક દ્રષ્ટિએ મેળવી સિદ્ધ થયું છે. જે ખરેખર બુથ સ્તર સુધી પેઈઝ સમિતિ, બુથ સમિતિ, શકિતકેન્દ્રના પ્રમુખ-પ્રભારી, મંડલ રચના અને મંડલ પ્રભારીના માધ્યમથી જીલ્લાની ટીમ સતત કાર્યશીલ રહી જેની ફળશ્રુતિ રૂપે ગત ૨૦૧૯ લોકસભા ચૂંટણીમાં જીલ્લાના ૧૪૩૮ બુથો પૈકી ૫૧૭ બુથમાં ભારતીય જનતા પાર્ટીને ખાધ ગયેલી હતી, જેની સરખામણીએ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ૨૮૪ બુથ રીકવર કરી માત્ર ૨૩૩ બુથોમાં ખાધ, જીલ્લાના તમામ ૧૭ મંડલોમાં જંગી સરસાઈ સાથે જીલ્લાની તમામ ૩૬ જીલ્લા પંચાયત સીટોમાં વિષમ અને વિપરીત પરિસ્થિતિ, અનેક પડકારો વચ્ચે વિક્રમજનક સરસાઈ મેળવી. જીલ્લા ભાજપની સંગઠન ટીમે પ્રભારી ધવલભાઈ દવેના સુચારુ માર્ગદર્શન અને જીલ્લા ભાજપના યશસ્વી અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાના ઉત્તમ નિર્ણયો અને નેતૃત્વ હેઠળ જીલ્લા મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા, જીલ્લા સંગઠન ટીમના પ્રયાસો થકી જીલ્લા સંગઠનનો વ્યાપ વધારવા અને પાર્ટી દરેક બુથ સુધી મજબુત થાય મારું બુથ મજબુત બુથ, મારું ગામ ભાજપનું ગામ આ સૂત્રને ખરા અર્થમાં સાર્થક કરી બતાવ્યું છે, જે અભિનંદનને પાત્ર છે.

આ ઉત્તમ કાર્ય તેમજ સિદ્ધિઓ રાજકોટ જીલ્લાના બુથ સ્તર સુધીના દેવદુર્લભ કાર્યકર્તાઓના અથાગ અવિરત પ્રયાસ અને રાત દિવસ જોયા વગરની મહેનતનું ફળ છે. જેમાં, બુથ પ્રમુખ, બીએલએ-૨, વોટ્સએપ ગ્રુપ ઈન્ચાર્જ, સરપંચઓ, સ્થાનિક સહકારી આગેવાનો, શક્તિકેન્દ્ર પ્રમુખ-પ્રભારીઓ, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના ચુટાયેલા સદસ્યો, તાલુકા અને શહેરી મંડલના સંગઠનો, તાલુકા અને શહેરી મંડલના મોરચા અને સેલના હોદેદારઓ, જીલ્લાના સહકારી ક્ષેત્રના આગેવાનો, જીલ્લા સેલના કન્વીનર,સહ-કન્વીનરઓ, જીલ્લા સંગઠન ટીમના ઉપપ્રમુખઓ ખોડાભાઈ ખસીયા, ગોવિંદભાઈ રાણપરીયા, પ્રફુલભાઈ ટોળિયા, રાજુભાઈ ધારૈયા, જયેશભાઈ ત્રિવેદી, રીનાબેન ભોજાણી, રમાબેન મકવાણા, બિંદીયાબેન મકવાણા, જીલ્લા મંત્રીઓ વલ્લભભાઈ શેખલિયા, મનોજભાઈ રાઠોડ, વલ્લભભાઈ ઝાપડિયા, રાજુભાઈ સાવલિયા, જસ્મીનભાઈ પીપળીયા, વિશાલભાઈ ફાગલીયા, સીમાબેન જોશી, વંદનાબેન ફિચડીયા, જીલ્લા કોષાધ્યક્ષ મનીષાબેન ગોવાણી, મંડલના પ્રભારીઓ જયસુખભાઈ ઠેસિયા, અમિતભાઈ પડાળીયા, ગૌતમભાઈ કાનગડ, જયેશભાઈ બોઘરા, દિનેશભાઈ અમૃતિયા, સતીશભાઈ ભીમજીયાણી, નરેન્દ્રસિંહ જાડેજા(રા.લો.), ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા, શૈલેશભાઈ અજાણી, જીલ્લા યુવા મોરચા પ્રમુખ અશ્વિનભાઈ મોલીયા, મહામંત્રીઓ દેવભાઈ કોરડીયા, વિમલભાઈ રાઠોડ, જીલ્લા મહિલા મોરચા પ્રમુખ સોનલબેન વસાણી, મહામંત્રીઓ વર્ષાબેન ખૂટ, રેખાબેન સીણોજીયા, જીલ્લા કિસાન મોરચા પ્રમુખ વિનુભાઈ ઠુંમર, મહામંત્રીઓ અનિરુધ્ધસિંહ ડાભી, વલ્લભભાઈ રામાણી, જીલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ નવીનપરી ગૌસ્વામી, મહામંત્રીઓ અશોકભાઈ ચાવ, કમલેશભાઈ વરુ, જીલ્લા અનુસુચિતજાતી મોરચા પ્રમુખ લાલજીભાઈ આઠું, મહામંત્રીઓ નરોત્તમભાઈ પરમાર, મહેશભાઈ વાણીયા, જીલ્લા લઘુમતી મોરચા પ્રમુખ અલ્લાઉદીનભાઈ ફોગ, મહામંત્રીઓ અસલમભાઈ મલેક, અબેદીનભાઈ હિરાણી સહીત અનેક કાર્યકર્તાઓની મહેનત અને જહેમત થકી આ શક્ય બન્યું છે. જે અભિનંદનને પાત્ર છે. તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની યાદીમાં જણાવે છે.

# IOPEPCની કોલકાતા વેપાર મીટમાં ભારતના તેલીબિયાં ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે IOPEPCની પ્રતિબદ્ધતા




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૯

ભારતીય તેલીબિયાં અને ઉત્પાદન નિકાસ પ્રમોશન કાઉન્સિલ (IOPEPC), મંત્રાલય હેઠળ કોમર્સ, ભારત સરકાર, તાજેતરમાં એક વ્યાપક ક્ષમતા નિર્માણનું આયોજન કર્યું છે. પશ્ચિમ બંગાળ અને ઉત્તરના ઉનાળુ તેલીબિયાં પાકો પર ધ્યાન કેન્દ્રિત કરતો કાર્યક્રમ અને વેપાર મીટ પ્રદેશ આ ઈવેન્ટ, જે ૧૬ જૂન, ૨૦૨૪ ના રોજ કોલકાતામાં યોજાઈ હતી, જેનો હેતુ જાગૃતિ લાવવાનો હતો ગુડ એગ્રીકલ્ચર પ્રેક્ટિસ (GAP) વિશે અને તેમાં હિસ્સેદારોને તેલીબિયાં વેપાર ક્ષેત્ર પ્રોત્સાહિત કરવાનો હતો

તેલીબિયાં ઉદ્યોગના વિવિધ વિભાગોનું પ્રતિનિધિત્વ કરતી ૮૦ થી વધુ વ્યકિતઓની ભાગીદારી સાથે, આ મેળાવડાએ ઉનાળામાંથી મૂલ્યવાન આંતરદષ્ટિ અને તારણો શેર કરવા માટે એક પ્લેટફોર્મ તરીકે સેવા આપી હતી. પાક સર્વેક્ષણો. નોંધનીય રીતે, IOPEPC ના તાત્કાલિક ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી નિલેશ વીરાએ ભાર મૂક્યો હતો બીજ ઉછેર જેવી વ્યૂહરચનાઓ દ્વારા તેલીબિયાંની ઉત્પાદકતા વધારવાનું મહત્વ રિપ્લેસમેન્ટ રેશિયો (SRR) અને તલ જેવા ઉનાળુ પાકની ખેતીને પ્રોત્સાહન આપવું ભારતમાં વિવિધ રાજ્યોમાં બીજ અને મગફળી. ઈવેન્ટ દરમિયાન, IIT ખડગપુરના પ્રો. એચ.એન. મિશ્રા અને પ્રો. ડી.કે.વિષયો પર માહિતીપ્રદ પ્રસ્તુતિઓ મગફળી અને તલના બીજની હાર્વેસ્ટ પ્રોસેસિંગ અને હાર્ટ હેલ્ધી ઓઈલ પાવડર અને તલ અને મગફળીની સારી કૃષિ પદ્ધતિઓ અનુક્રમે તેમની નિપુણતાએ કાર્યક્રમમાં નોંધપાત્ર મૂલ્ય ઉમેર્યું, જે ઉપસ્થિતોને પ્રદાન કરે છે

ઈવેન્ટ દરમિયાન, ચર્ચાઓ IOPEPC દ્વારા હાથ ધરવામાં આવેલી પહેલોની આસપાસ ફરતી હતી. ભારતની તેલીબિયાંની નિકાસને મજબૂત કરો. ભારત સરકારનું ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું

ફ્લેગશિપ પ્રોજેક્ટ, આત્મનિર્ભર તેલીબિયાં અભિયાન, જેનો હેતુ ખાદ્ય પદાર્થોમાં આત્મનિર્ભરતા વધારવાનો છે, તેલ ક્ષેત્ર. કાઉન્સિલની ભૂમિકા સિસ્ટમમાં રહેલી ખામીઓને ઓળખવાની અને તેની સાથે સંકલન કરવાની રહી છે, વૈજ્ઞાનિકોથી લઈને ખેડૂતો સુધીના વિવિધ હિસ્સેદારોને ખાતરી કરવા માટે કે તેઓ કેવી રીતે ઉત્પાદન પહોંચાડી શકે.

શ્રી મુકુલ ગુપ્તા, તલના બીજ અને તલના બીજ તેલ પેનલના સંયુક્ત સંયોજક IOPEPC, તલના બીજના સર્વગ્રાહી પરિપ્રેક્ષ્યમાં વ્યાપક આંતરદષ્ટિ પ્રદાન કરે છે.

વધુમાં, સત્રમાં પશ્ચિમ બંગાળમાં હાથ ધરવામાં આવેલા પાક સર્વેક્ષણના તારણોનું અનાવરણ કરવામાં આવ્યું હતું અને ઉત્તર પ્રદેશ, ઉનાળુ પાક પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેની આગેવાની આરએમએસઆઈ ક્રોપાલિટીક્સ પ્રાઈવેટ લિમિટેડ કરે છે. આ પાક સર્વેના કન્વીનર શ્રી. સંજય શાહ, ડાયરેક્ટર IOPEPC એ માહિતી આપતા પાક સર્વેક્ષણ એ માત્ર પાકના અંદાજ માટે જ નહીં પરંતુ ખેડૂતોને સમજવા માટે જોડવાની કવાયત છે. તેમની પ્રથાઓ અને તેને કેવી રીતે સુધારી શકાય છે જેથી પ્રતિ હેક્ટર અનુભૂતિ વધુ સારી રીતે પ્રાપ્ત કરી શકાય.

હાનિકારક અને જંતુનાશકોના વધુ પડતા ઉપયોગ વિશે ખેડૂતોમાં જાગૃતિ ફેલાવોની સામૂહિક પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરતા વિચારોના જીવંત આદાન-પ્રદાન સાથે ઈવેન્ટનું સમાપન થયું. ભારતના તેલીબિયાં અને તેલની વૃદ્ધિ અને ટકાઉપણાને આગળ વધારવા માટેના હિતધારકો નિકાસ ઉદ્યોગ. રાજ્ય સરકારોએ પ્રમાણિતની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાના તેમના પ્રયાસોને પ્રાથમિકતા આપવી જોઈએ૪ સારી ખેતી અપનાવવા પ્રોત્સાહન આપવા માટે બીજ અને અસરકારક પગલાં અમલમાં મૂકવું.

# જૂનાગઢ મનપાની ચુંટણી ટુંક સમયમાં જાહેર થવાની શક્યતા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ મનપાની ચૂંટણીને લઈને ડેપ્યુટી મેયરે મોટી જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, ૫ થી ૧૦ દિવસમાં જ થશે મનપાની ચૂંટણીની જાહેરાત થશે. સાથે જોષીપરા રેલવે ઓવર બ્રિઝનું કામ મંજૂર થઈ ગયું છે, જેનું ખાતમુહૂર્ત સીએમના હસ્તે થશે અને તે માટેનો સમય મંગાયો છે. આ અંગે મળતી વિગત મુજબ જૂનાગઢ મહાનગરપાલિકામાં ભાજપનું શાસન છે. ભાજપ શાસિત બોડીની ટર્મ ૩૧ જૂલાઈ૨૦૨૪ના પૂર્ણ થતી હોય ૧ ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં નવી બોડીએ શાસન સંભાળવાનું હોય છે.

જોકે, ચાલીસેક દિવસ જ બાકી હોવા છતાં હજુ સુધી ચૂંટણીની જાહેરાત ન થતા લોકોમાં એવી ચર્ચાએ જોર પકડ્યું હતું કે, હવે ચૂંટણીની જાહેરાત નહિ થાય પરંતુ વહિવટી શાસન આવશે. ત્યારે વહિવટી શાસન થવાના ટોક ઓફ ધી ટાઉન બનેલા મુદ્દાનો છેડ ઉડાડતા ડેપ્યુટી મેયરે જણાવ્યું હતું કે, અમે થોડા દિવસ પહેલા જ વિકાસ કામોનો ચેક લેવા ગાંધીનગર ગયા હતા. ત્યારે સીએમ ભૂપેન્દ્ર પટેલ સાથે ચર્ચા થઈ હતી. જેનો સાર છે કે જૂનાગઢમાં વહિવટી શાસન નહિ આવે. પરંતુ ૫ થી ૧૦ દિવસમાં જ ચૂંટણીની જાહેરાત થશે. જ્યારે ૬૦ કરોડના ખર્ચે બનનાર જોષીપરા રેલવે ઓવરબ્રિઝના કામને પણ મંજૂરી મળી ગઈ છે. આ કામનું ખાતમુહૂર્ત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરશે આ માટે તેમનો સમય મંગાશે.

# મહિલાને ભગાડી આવેલા ઈસમની પત્નીનો કરણીસેના મહિલા અધ્યક્ષ ઉપર હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

અમદાવાદની પરિણીતાને ભગાડી આવેલા ઈસમને જૂનાગઢ મહિલા કરણી સેનાના અધ્યક્ષ તથા કાર્યકર્તા જૂનાગઢ સિવીલ હોસ્પિટલ ખાતે સમજાવવા જતા આ સઈમની પત્નીએ આ બંને મહિલા આગેવાનો સાથે બોલાચાલી કરી મારામારી કરી મારી નાખવા ધમકી આપી હતી. આ મારામારીનો વિડીયો સોશ્યલ મિડીયામાં વાયરલ થયો હતો. આ અંગે કરણી સેનાના અધ્યક્ષે ફરિયાદ કરતા એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ, જૂનાગઢના ખામધ્રોળ રોડ ઉપર રહેતા અને રાષ્ટ્રીય કરણી સેનાના જૂનાગઢ જીલ્લા અધ્યક્ષ તરીકે સેવા આપતા મનિષાબા રાજેન્દ્રસિંહ સોલંકીને વ્હોટસએપ ઉપર મેંદરડાનો હમીદ નામનો શખ્સ અમદાવાદની પરિણીત મહિલાને ભગાડી ગયાનો મેસેજ આવ્યો હતો. તેમાં આપેલા આગેવાનના નંબર ઉપર સંપર્ક કરતા મહિલાના પતિનો સંપર્ક કર્યો હતો. આ દરમ્યાન મહિલા મેંદરડામાં બ્રહ્મ સમાજના આગેવાનો હસ્તક હોવાની અને તે તેના પતિ સાથે જવા તૈયાર થઈ હતી. આ સમયે હમીદનો સંપર્ક કરતા તે જૂનાગઢ સરકારી હોસ્પિટલ ખાતે હોવાનું જાણવા મળ્યું હતું. મનિષાબા અને કરણીસેનાના કાર્યકર કાજલબા જાડેજા સિવીલ હોસ્પિટલે હમીદને સમજાવવા જતા ત્યાં હમીદની પત્ની મુમતાજ મળી હતી. તેણે આ બંને મહિલાઓને તમે હમીદને સમજાવવા જશો તો હું આત્મહત્યા કરી લઈશ તેવી વાત કરી હતી. કાજલબેને તેને હમીદ અને અમદાવાદની મહિલા સેજલબેન પરિણીત છે, જો આવું પગલું ભરશો તો બંનેના પરિવાર વિખાઈ જશે તેમ સમજાવતા મુમતાજબેન ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપી બંને મહિલા સાથે મારામારી કરવા લાગી હતી. આ દરમ્યાન અન્ય લોકોએ મહિલાઓને બચાવી હતી. બાદમાં મુમતાજબેને આજે તો બચી ગયા છો ફરીથી મળશો તો મારી નાખીશ તેવી ધમકી આપી હતી. આ અંગે જાણ થતા એ ડીવીઝન પોલીસ ત્યાં પહોંચી હતી. બંને મહિલાને સામાન્ય ઈજા થઈ હતી. બંને મહિલાને સામાન્ય ઈજા થઈ હતી. આ અંગે મનિષાબા સોલંકીએ મેંદરડાની મુમતાજબેન હમીદભાઈ શાહમદાર સામે ફરિયાદ કરતા એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢના ગિરનારી ગ્રુપ દ્વારા જરૂરિયાતમંદ બાળકોને વિનામૂલ્યે પાઠયપુસ્તકો તથા ફુલ સ્કેપ નોટબુકનું વિતરણ કરાયું

## ગિરનારી ગ્રુપની સેવા ધન્ય છે : ડો. ચંદ્રેશ વ્યાસ(જીલ્લા એઈડ્સ કંટ્રોલ અધિકારી)



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢના ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, છેલ્લા એક માસથી ગિરનારી ગ્રુપ દ્વારા પુસ્તક સેવા યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સર્વે કરી જૂનાગઢ શહેરમાં આર્થિક રીતે નબળા પરિવારજનોના બાળકોને ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા હોય તેવા ૧૭૨ બાળકોને વિનામૂલ્યે પાઠયપુસ્તકો આપવામાં આવેલ હતા. જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં વિહાન સંસ્થામાં એચ.આઈ.વી. ગ્રસ્ત રિએક્ટિવ બાળકો તથા જરૂરિયાતમંદ બાળકો સહિતનાઓને વિનામૂલ્યે ૧૮૦૦ ફુલસ્કેપ નોટબુકસોનું વિતરણ કરવામાં આવેલ હતું. આ પુસ્તક સેવાયજ્ઞમાં ઘણા બધા વાલીઓએ પોતાના બાળકોના પાઠયપુસ્તકો ગિરનારી ગ્રુપનો સંપર્ક કરીને ગિરનારી ગ્રુપને અર્પણ કરેલ હતા અને આસ્થા હોસ્પિટલના ડો. ચિંતન યાદવ તથા પ્રોફેસર પી.બી. ઉનડકટ, નગાજણભાઈ ગરેજા, જીગ્નેશભાઈ લાખાણી સહિત અનેક દાતાઓ દ્વારા ફુલસ્કેપ નોટબુક્સો આપવામાં આવેલ હતી.

એ બદલ ગિરનારી ગ્રુપે તમામ દાતાઓનો હૃદય પૂર્વક આભાર માનેલ હતો. આ પુસ્તક સેવા યજ્ઞમાં જૂનાગઢના ગિરનારી ગ્રુપના સભ્યઓ સમીરભાઈ દવે, નરેન્દ્રસિંહ ચુડાસમા, કિર્તીભાઈ પોપટ, લલીતભાઈ ગેરીયા, દેવાંગભાઈ પંડ્યા, યાત્રીકભાઈ ભટ્ટ, સુરેશભાઈ વાઢીયા, સંજયભાઈ વાઢેર, સમીરભાઈ ઉનડકટ, દિનેશભાઈ રામાણી ભાર્ગવભાઈ દેવમુરારી, સંજયભાઈ મહેતા, અરશીભાઈ રામ સહિતના લોકોએ પોતાની સેવાઓ આપેલ હતી તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# જૂનાગઢ ગાંજા સાથે ઝડપાયેલ આરોપીઓ ૩ દિવસના રિમાન્ડ ઉપર

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢમાં ગાંજા સાથે ઝડપાયેલ આરોપીઓના ૩ દિવસના રીમાન્ડ મંજુર થતા પોલીસે તપાસ હાથ ધરી દરમ્યાન પોલીસે આરોપીઓને સાથે રાખી સુરત ખાતે તપાસ હાથ ધરી છે. રવિવારની રાત્રે જૂનાગઢમાં ગાંજો ઘુસાડે તે પહેલાં પોલીસે બગસરાનો ડ્રાઈવર ફેઝાન હારૂનભાઈ શેખ, અમરેલીનો ઈલિયાસ ઉર્ફે સ્વરૂપે ઈલુ હારુનભાઈ માંડલિયા, આદિલ રહીમભાઈ પડાયા અને ઉંમર મહમદ કાલવાને ઈકો ગાડીમાં ૯.૯૮૨ કિલોગ્રામ ગાંજો સાથે ઝડપી લીધા હતા.

# જૂનાગઢના બ્રહ્મેશ્વર આશ્રમ ખાતે મહંત પુ.માધવાનંદબાપુની પુણ્યતિથી ઉજવાશે



જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ ભવનાથ તળેટી દામોદરકુંડ પાસે આવેલ પ્રાચીન બ્રહ્મેશ્વર મહાદેવની જગ્યાના મહંત પુ.માધવાનંદજી ગુરૂશ્રી નારદાનંદજીની આગામી તા.૨૧ને શુક્રવારના રોજ ૧૧મી પુણ્યતિથી છે. જેમાં મહંત નિલકંઠાનંદજીબાપુના સાનિધ્યમાં સવારે પુ.બાપુની ચરણપાદુકાનું શાસ્ત્રોકત વિધી સાથે પુજન કરાશે અને સાંજે ૬ કલાકે મહાપ્રસાદનું આયોજન કરેલ છે તો આ નિમિતે સેવક પરિવારે ઉપસ્થીત રહેવા જગદીશભાઈ ભરાડે અખબારી યાદીમાં જણાવાયું છે.

# ડુંગરપુર ગામે પથ્થરમારો કરી ઘરમાં ઘુસી હુમલો કર્યાની બે સામે પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ તાલુકાના ડુંગરપુર ગામે રહેતા વિજયભાઈ ગભરૂભાઈ સોલંકીના ભત્રીજા યોગેશને તેમના ગામના મુસ્તુફા નામના છોકરા સાથે બોલાચાલી થઈ હતી જેથી વિજયભાઈ અને તેમના પરિવારજનો ગામના ચાંદની ચોકમાં ભેગા થયા હતા. જ્યાં બંને વચ્ચે સમાધાન પણ થઈ ગયું હતું. આ દરમ્યાન વિજય સોલંકીની માતા રેખાબેન સાથે રફીક ઉર્ફે ભૂતડો કરીમશા રફાઈ ઝઘડો કરતો હોય જેથી ગામના આગેવાને તેને સમજાવ્યો હતો. જેનું મનદુઃખ રાખી રફીક ઉર્ફે ભૂતડો અને અલ્તાફ રફાઈ નામના શખ્સે સોમવારની સાંજે લાકડાના ધોકા સાથે વિજય સોલંકીના ઘરે જતી જઈને મકાન ઉપર પથ્થરમારો કરી ઘરમાં પ્રવેશી યુવાન ના પિતા ગભરુભાઈને લાકડાના ધોકા વડે માર મારી તેમજ વિજયને બંને હાથ તથા પગમાં અને તેના માતા રેખાબેનને પણ હાથમાં ગંભીર પ્રકારની ઈચ્છા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ફરિયાદ થતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# સોમનાથ મંદિર ટ્રસ્ટ જર્જરીત ગેસ્ટ હાઉસ બિલ્ડીંગ અંગે એકશન મોડમાં

**અતિથી ગૃહના નીચેના ભાગે આવેલ ૩૨ જેટલી દુકાનોને ભયજનક બિલ્ડીંગથી વાકેફ કરી તાકીદે માલ-સામાન સ્થળાંતર કરવા નોટીસો અપાઈ**

(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૯

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ સંચાલિત બિન વપરાશી મોહન, ગોએન્કા અતિથીગૃહ અતિજર્જરીત હોઈ જે અંગે બિલ્ડીંગ નીચેની દુકાનો અને ત્યાંથી પસાર થતા યાત્રિકોના જાનમાલ માટે ભયજનક હોઈ જેથી વેરાવળ-પાટણ સંયુકત નગરપાલીકાએ તા.૧-૧૨-૨૨, ૧૬-૧-૨૩ અને ૧૩-૩-૨૪ના રોજ નોટીસ સોમનાથ ટ્રસ્ટને પાઠવેલ હતી.

જેના અનુસંધાને સોમનાથ ટ્રસ્ટે અસરકરતા દુકાનદારોને બોલાવી મીટીંગ કરી ગંભીરતાની જાણ તા.૧૫-૬-૨૨ના રોજ કરી હતી અને તા.૧૭-૬-૨૨ના રોજ આ તમામ દુકાનદારોને પત્ર પાઠવી નોટીસરૂપે જણાવ્યું છે કે, નગરપાલીકાએ સદરહુ બિલ્ડીંગ જાહેર સલામતીને ધ્યાને લઈ દુર કરવા જણાવેલ છે. આ બાબતે નિષ્ણાંત અભિપ્રાત મેળવતાં ટ્રસ્ટ હસ્તકના મોહન, ગોએન્કા અતિથી ગૃહ, અન્ય પાંચ રૂમો તથા રેકર્ડરૂમ બિલ્ડીંગનું આયુષ્ય પુર્ણ થઈ ગયેલ છે અને તે સમારકામની સ્થિતીમાં પણ ન હોઈ, જર્જરીત થયેલ આ બિલ્ડીંગને ઉતારી લેવા સુચીત કરવામાં આવેલ છે તે મુજબ જાહેર સલામતી જાહેર હેતુ ધ્યાને લેતા ટ્રસ્ટ દ્વારા ઉકત સુચનાનુ પાલન કરવાનું થાય છે. હાલ વરસાદ સીઝન છે તેમજ આ બિલ્ડીંગ જર્જરીત હોય, તાત્કાલીક ઉતારી લેવાનુ છે. જેથી આ નોટીસ મળ્યે તુરત દુકાનોમાંથી સામાન શીફટ કરી લેવા અને તેમાં નિષ્ફળ જશે તો તે માટે દુકાનદાર જવાબદાર ઠરશે અને તેની સામે જાનમાલની નુકશાનીની જવાબદારી રહેશે. આ નોટીસની નકલ જીલ્લા કલેકટર, નાયબ કલેટકર, મામલતદાર અને ચીફ ઓફીસરને ટ્રસ્ટ દ્વારા મોકલવામાં આવી છે.

# જૂનાગઢ શહેરમાં જેલ રોડ પરનાં ખાડાઓ મોતને ખુલ્લુ આમંત્રણ આપી રહયા છે : ચોમાસામાં શું થશે ?







જૂનાગઢ તા. ૧૯ જૂનાગઢ શહેરમાં જેલ રોડ પર રેલ્વે સ્ટેશન ટાવરથી લઈ છેક સુખનાથ ચોક સુધીનાં વિસ્તારમાં આઠથી દસ ફુટ સુધીનાં ઉંડા ખાડા ખોદવામાં આવ્યા છે. ત્યારબાદ યોગ્ય રીતે પુરાણ કરીને રોડ બનાવવાનાં બદલે માત્ર લીંપણ કરવામાં આવ્યું છે. અડધા કરતા વધુ રોડ ખાડામાં આવી ગયો છે. ત્યારે વાહન ચાલકોને આ રોડ પરથી નીકળવામાં પારાવાર મુશ્કેલી પડી રહી છે. અને જરાક ચુક થાય તો ખાડામાં પડયા સમજો ! અને મોતને ખુલ્લું આમંત્રણ આપતા આ ખાડાઓથી આ વિસ્તારની જનતા ત્રાહીમામ પોકારી ઉઠી છે. હજુ તો વરસાદ આવ્યો નથી ત્યાં ખાડાઓનાં સામ્રાજયએ ભારે મુશ્કેલી સર્જી દીધી છે. અને જયારે જૂનાગઢમાં ધોધમાર વરસાદ આવશે ત્યારે આ ખાડાઓ મોતનાં કુવા સાબીત થશે તેવી ભીતી વ્યકત થઈ રહી છે.

ખાડાઓમાં ભરાયેલી માટી પાણીમાં ધોવાઈ જતાં અને ધોધમાર વરસાદને કારણે ખાડાઓ પાણીથી છલોછલ ભરાય જશે ત્યારે તે વાહન ચાલકો અને રાહદારીઓને તે દેખાશે નહીં અને તેમાં પડયા એટલે સીધા જ યમદ્વાર પહોંચી જવાની ૧૦૦ ટકા ગેરંટી છે. નાગરીકો એવું ઈચ્છી રહયા છે કે તાત્કાલ રસ્તા રીપેરીંગની યોગ્ય કાર્યવાહી કરવામાં આવે પરંતુ મનપા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવે તેવી કોઈ ખાત્રી નથી. અને આ ખાડાઓ આગામી ચોમાસામાં મોતનો પર્યાય બની જશે તેવી શંકા સાચી સાબીત થશે. ત્યારે આ વિસ્તારનાં કોર્પોરેટરો તત્કાલ આ બાબતે ધ્યાન આપે તેવી લોકોની લાગણી અને માંગણી છે. આવી પરિસ્થિતિ માત્ર જેલ રોડ ઉપર છે તેવું જ નથી. શહેરમાં ઠેર ઠેર મનફાવે ત્યાં ખાડા ખોદાઈ ગયા છે. અને સ્થિતિ લગભગ સમાન છે. ત્યારે મનપા તંત્ર તેની કુંભકર્ણની ઉંઘમાંથી જાગશે કે નહીં ? તેવો સવાલ પુછાઈ રહયો છે. નાગરીકોમાં એવી પણ ચર્ચા થઈ રહી છે કે આ વખતે તો મનપાની ચુંટણીમાં વર્તમાન બોડીને ઘરે બેસાડી જ દેવી છે. વેપારીઓ નારાજ છે, જનતા નારાજ છે, શહેરમાં કોઈ એવી વ્યકિત નથી કે મનપા તંત્ર સામે નારાજગી ન હોય !! જૂનાગઢ કોર્પોરેશનની ચુંટણી આગામી ટુંક સમયમાં યોજાવાની છે ત્યારે નાગરીકોએ મનમાં એવી ગાંઠ વાળી લીધી છે કે આ વખતે તો વર્તમાન બોડીને ઘર ભેગી કરી જ દેવી છે તેવું લોકો આક્રોશ પૂર્વક જણાવી રહયા છે.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા +
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

## જૂનાગઢ મનપાએ બોલાવેલ સેમિનારમાં ફાયર એનઓસી, બીયુ સર્ટીફિકેટ મામલે ટયુશન સંચાલકો-વેપારીઓનો તીવ્ર વિરોધ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

મનપા દ્વારા બીયુ તેમજ ફાયર સેફટી સર્ટીફીકેટ મામલે મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી થઈ રહી છે તેના વિરોધમાં વેપારીઓ દ્વારા કમિશ્નર કચેરી બહાર એકત્રીત થઈ ભારે રોષ વ્યકત કર્યો હતો અને કોઈ રસ્તો કાઢવા જણાવ્યું હતું. ખાસ કરીનો શિક્ષણ કલાસીસનાં સંચાલકોએ પણ થોડો સમય આપવા રજુઆત કરી હતી જેથી કરીનો વિદ્યાર્થીઓનું ભણતર બગડે નહી અને ભવિષ્ય ખરાબ થાય નહી.જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા બી.યુ.સર્ટીફીકેટ, ફાયર એન.ઓ.સી. તથા સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટીફિકેટ ન હોવાના કારણે સીલ કરવામાં આવેલ છે તેમજ નોટીસો પાઠવવામાં આવેલ છે તેમજ હાલ નોટીસ આપવાની કાર્યવાહી ચાલુ છે. આ સંજોગોમા મિલ્કત ધારકો ધ્વારા બી.યુ.સર્ટીફીકેટ, ફાયર એન.ઓ.સી. તથા સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટીફીકેટ બાબતે કરવાની થતી કાર્યવાહી અંગે સમજુતી કરવા માટે મીટીંગ યોજાય હતી. આ મિટિંગમાં જૂનાગઢ શહેરની હોસ્પિટલ સ્કૂલ/કોલેજ,ટયુશન કલાસ, કોમર્શિયલ કોમ્પ્લેક્સ હોટલ / રેસ્ટોરન્ટ, શોપિંગ મોલ પાર્ટી પ્લોટ ધારકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમજ તેઓને બાંધકામ વપરાસ સર્ટીફીકેટ તથા સ્ટ્રકચર સ્ટેબિલિટી સર્ટિફિકેટ અને ફાયર એનઓસી મેળવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મીટીંગ દરમ્યાન ઉપસ્થિત ટયુશન કલાસીસ સંચાલકો, હોટેલ સંચાલકો સહિત વેપારીઓએ પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો. તેઓએ એક જ સવાલ કર્યો હતો કે, આખાયે બિલ્ડીંગમાં એક જ ટયુશન કલાસીસની ઓફિસને માત્ર બીયુ સર્ટીફિકેટ ન હોવાથી સીલ મારી દેવામાં આવ્યા છે. તો બીયુ સર્ટીફિકેટ તો આખી બિલ્ડીંગનું ન હોય તો તેમની સામે કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી. તેમજ અમુક વેપારીઓ પાસે ઈમ્પેકટ હોવા છતાં તેમના એકમને સીલ કરી દેવામાં આવ્યા છે. તો આ મામલે મનપાએ નિયમ મુજબ કામ કરવું જોઈએ અને સમય આપવો જોઈએ. આ અંગે મનપા કચેરીમાં કમિશ્નરની ચેમ્બર બહાર મોટી સંખ્યામાં સંચાલકો બેસી ગયા હતા અને ઉગ્ર આક્રોશ વ્યકત કર્યો હતો અને અંતે કમિશ્નર સાથે બેઠક કરી જેમાં દરેકે તેમને પડતી અગવડતા અંગે વેધક સવાલો કરીને રજુઆત કરી હતી. ત્યારે કમિશ્નરે કહ્યું હતું કે, જેમના એકમોને સીલ કરવામાં આવ્ય છે તેઓ તાકીદે અપ્લાય કરી આપે અને પછી તેમના સીલ ખોલવામાં આવશે. દરમ્યાન ટયુશન કલાસીસ એસોસિએશનના પ્રમુખે જણાવ્યું હતું કે, હાલ ટયુશન કલાસીસને સીલ મારી દેવામાં આવ્યા છે. જેથી વિદ્યાર્થીઓનું ભવિષ્ય બગડી રહ્યું છે. હાલ ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનાર છે તેમજ સીએના કલાસ શરૂ થયા છે. તે રીતે કમિટી બનાવી તે કમિટી કહેશે તે રીતે અમો ૨૪ કલાકમાં બધા ડોકયુમેન્ટ રજુ કરી આપીશું અને અમોને સમય આપવામાં આવે. જયારે એક વેપારીએ કહ્યું હતું કે, ખરેખર જો મહાપાલિકા નિયમ મુજબ કામગીરી કરી રહી હોય તો જૂનાગઢ શહેરમાં તો મોટા ભાગના એકમો પાસે બીયુ સર્ટીફિકેટ નથી તો મનપા તેમની સામે કાર્યવાહી કેમ નથી કરી રહી, નિયમ બધાને લાગુ પડવો જોઈએ અને આ રીતે ખરેખર નિયમ મુજબ કામ કરો તો આખું જૂનાગઢ સીલ મારવું પડે તેમ છે પરંતુ મનપા દ્વારા અમુક એકમોને જ ટાર્ગેટ બનાવી રહી છે. આ સમગ્ર મામલે કમિશ્નર ડો. ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, પ્રાથમિક તબક્કે જયાં લોકોની ભીડ વધુ થતી હોય અને સેફટીના પ્રશ્નો હોય તેવા એકમો ઉપર તપાસના આદેશ આપવામાં આવ્યા છે અને સરકારની સુચના અનુસાર કામગીરી કરવામાં આવી રહી છે. જેથી હાલના તબક્કે જયાં જયાં લોકોની વધુ માત્રામાં એકઠા થવાની જગ્યાઓ હશે ત્યાં તપાસ કરીને કામગીરી કરવામાં આવી રહી છે.

લોક લાગણીને માન આપીને
બોમ્બે બજાર શો-રૂમ બંધ કરવાનો હોવાથી
સ્ટોક કલીયર કરવા સબબ
દરેક સ્કૂલ યુનિફોર્મ તેમજ કાપડ
સેલમાં ૫૦% વળતર રાખેલ છે
વાઈટ, એપ્રોન વાઈટ ઝબ્બા
આલ્ફા સ્કૂલ, કાલરીયા સ્કૂલ અને નોબલ સ્કૂલનાં યુનિફોર્મ અડધા ભાવમાં
પાણીનાં ભાવમાં રૂા. ૫૦૦ની આઈટમ
ફકત રૂા. ૧૫૦/માં
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
જેનિલ શોપીંગ સેન્ટર - જૂનાગઢ
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

સી. સી. પડદાવાળા
● ફર્નિચર ● વોલ પેપર ● પડદાનું કાપડ
● ફર્નિચર માલ ● મેટ્રેસ ● ઓફિસ કેર્ટન
● પ્લાયવુડ ● પીલો ● મોડયુલર કિચન
● હેન્ડલ
● પડદા
● સોફા
● સોફા માલ
પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે
તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

પ્લોટ તથા ત્રિપ્લેક્ષ વેંચવાના છે
પ્લોટ-ટીંબાવાડી-વૃજવાટીકા જોશીપરા- ગોમતીનંદન ત્રિપ્લેક્ષ- આલ્ફા સ્કુલ પાસે પ્લોટ તેમજ ત્રિપ્લેક્ષ વેંચવાના છે
:: કોન્ટેક ::
મો. ૯૮૭૯૫ ૨૫૧૬૩

શોરૂમ લાયક દુકાન વેંચવાની છે
પંચહાટડી-માંગનાથ રોડ ઉપર ફસ્ટ ફલોર, રોડ સાઈડ (મોરો ૩૦ ફુટ) ૧૦૦૦ સ્કેવર ફુટ દુકાન જવેલરી, રેડીમેન્ટ, સાડી તથા દરેક ધંધાને ઉપયોગી શોરૂમ લાયક દુકાન વેંચવાની છે
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્ર નોરતા.. ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું શુધ્ધ ઘી- લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત (એસીડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પ્લેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨